રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 260 | Dt. 31-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

દેશના ૮૫ ટકાથી વધુ ખેડૂતો નાના ખેડૂતો : વિપક્ષ ભૂમિકા ચુક્યું

છેલ્લા શ્વાસ સુધી સેવા કરીશ : મોદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બનાસકાંઠામાં ૩૨૫ કરોડના ખર્ચે રિસર્ચ સેન્ટરનું ઉદઘાટન : ૧૪ હજાર કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ



ગાંધીનગર, તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારે ગુજરાતની બે દિવસીય મુલાકાત દરમિયાન બનાસકાંઠા જિલ્લાના ભીલડીમાં ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBBR)નું ઉદઘાટન કર્યું. આ કેન્દ્રનો ઉદ્દેશ્ય સ્વદેશી પશુઓની જાતિઓની ગુણવત્તા સુધારવા અને દૂધ ઉત્પાદન વધારવાનો છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પણ હાજર હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ખેતી અને પશુપાલન ફક્ત પરંપરા સુધી મર્યાદિત નથી, પરંતુ ખેડૂતોની આવક વધારવા અને ગામડાઓને સમૃદ્ધ બનાવવાના માધ્યમમાં પરિવર્તિત થઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે સરકાર કૃષિ અને પશુપાલનમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ વધારી રહી છે. બનાસકાંઠામાં સંશોધન કેન્દ્ર રાષ્ટ્રીય ગોકુલ મિશનને વધુ મજબૂત બનાવશે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે તેઓ તેમના છેલ્લા શ્વાસ સુધી લોકોની સેવા કરતા રહેશે. ૧૨૭ એકરમાં ફેલાયેલું આ કેન્દ્ર ₹૩૨૫ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB) ના ટેકનિકલ માર્ગદર્શન અને કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશનના સમર્થનથી બનાસ ડેરી દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. આ કેન્દ્ર સ્થાનિક પશુઓની જાતિઓની ગુણવત્તા સુધારવા અને દૂધ ઉત્પાદન વધારવા માટે ઇન-વિટ્રો ફર્ટિલાઇઝેશન (IVF) અને ગર્ભ પ્રત્યારોપણ જેવી આધુનિક પ્રજનન તકનીકોનો ઉપયોગ કરશે. તેનો ઉદ્દેશ્ય વાર્ષિક ૨૫,૦૦૦ ઉચ્ચ-ગુણવત્તાવાળા ગર્ભ ઉત્પન્ન કરવાનો છે. તે કાંકરેજ, ગીર, સાહિવાલ અને થરપારકર જેવી સ્વદેશી ગાયની જાતિઓ તેમજ મહેસાણા, બન્ની, જાફરાબાદી અને મુર્રાહ જેવી ભેંસની જાતિઓ પર કામ કરશે. સરકારના જણાવ્યા અનુસાર, કેન્દ્ર પશુપાલકોને પોષણક્ષમ દરે ઉચ્ચ-ગુણવત્તાવાળા વીર્ય, ગર્ભ અને પ્રજનન સેવાઓ પ્રદાન કરશે. આ પહેલનો હેતુ પશુપાલકોને વધતા પશુ જાળવણી ખર્ચ અને ઘટતા ઘાસચારાની ઉપલબ્ધતા વચ્ચે ઓછા પ્રાણીઓમાંથી વધુ દૂધ ઉત્પન્ન કરવામાં મદદ કરવાનો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સંબોધનમાં પીએમ કિસાન સન્માન નિધિ (PM કિસાન સન્માન નિધિ)નો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ, લગભગ ૧૦૦ મિલિયન ખેડૂતોના બેંક ખાતાઓમાં ₹૧૮,૦૦૦ કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે. ગુજરાતના ૫ મિલિયનથી વધુ ખેડૂતોને પણ તેનો લાભ મળ્યો છે. બનાસકાંઠાના લાખો ખેડૂતોના ખાતામાં લગભગ ૫૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે પીએમ કિસાન સન્માન નિધિ હવે કરોડો નાના ખેડૂતોના જીવનનો ભાગ બની ગઈ છે. આ યોજના હેઠળ, અંદાજે ૪.૫ લાખ કરોડ રૂપિયા સીધા નાના ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશના ૮૫ ટકાથી વધુ ખેડૂતો નાના ખેડૂતો છે, પરંતુ અગાઉ તેમની જરૂરિયાતો પર પૂરતું ધ્યાન આપવામાં આવતું ન હતું. તેમની સરકારે નાના ખેડૂતોનું ધ્યાન રાખ્યું અને પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા તેમને સીધી નાણાકીય સહાય પૂરી પાડી. સાથોસાથ વડાપ્રધાન મોદીએ બનાસકાંઠામાં ૧૪ હજાર કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી.

રાષ્ટ્રીય ગોકુલ મિશન અને બાયો-સીએનજી પ્લાન્ટ્સનો પણ ઉલ્લેખ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય ગોકુલ મિશનનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ પહેલ હેઠળ, સ્વદેશી જાતિઓના વૈજ્ઞાનિક સંવર્ધન અને સંરક્ષણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. બનાસકાંઠામાં બનેલ સંશોધન કેન્દ્ર આ મિશનને વધુ મજબૂત બનાવશે. પ્રધાનમંત્રીએ એ પણ માહિતી આપી કે કાર્યક્રમ દરમિયાન બે બાયો-સીએનજી પ્લાન્ટનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે સરકારનું લક્ષ્ય પ્રાણીઓને સ્વસ્થ રાખવા, દૂધ ઉત્પાદન વધારવા અને ગાયના છાણનો સંપૂર્ણ ઉપયોગ સુનિશ્ચિત કરવાનું છે.

પહેલાની સરકારોએ ખેડૂતોને MSP પર છેતર્યાઃ મોદી

લઘુત્તમ ટેકાના ભાવનો મુદ્દો ઉઠાવતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે અગાઉની સરકારોએ ખજ્જના નામે ખેડૂતો સાથે છેતરપિંડી કરી હતી, જ્યારે તેમની સરકારે ખજ્જું વચન પૂર્ણ કર્યું છે. તેમણે દાવો કર્યો કે છેલ્લા ૧૨ વર્ષમાં ઘઉં અને ડાંગરના ખેડૂતોના ખાતામાં MSP તરીકે ૨૪ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. મોદીએ કહ્યું કે ખેતી એ દેશની પરંપરા અને સંસ્કૃતિનો એક ભાગ છે. છેલ્લા ૧૨ વર્ષોમાં, તેમની સરકારે કૃષિમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કર્યો છે.

યુપીમાં ભાજપની સળંગ ત્રીજી સરકાર બનતા જ UCC લાગુ કરાશે : શાહ

ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર 'અંગદના પગ' સમાન ગણાવી



નવી દિલ્હી, તા.૩૦

લખનઉમાં ભાજપની કાર્યકારી સમિતિની બેઠકને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ઉત્તર પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી સતત ત્રીજી વખત સરકાર બનાવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે નવી સરકાર રચાતા જ રાજ્યમાં સમાન નાગરિક ધારો (UCC) લાગુ કરવામાં આવશે. તેમણે કાર્યકર્તાઓમાં જોમ ભરતા કહ્યું કે યુપીમાં ભાજપની સરકાર 'અંગદના પગ' જેવી અડગ છે, જેને સત્તામાંથી કોઈ હટાવી શકે તેમ નથી.

અમિત શાહે ૧૯૯૦ના વર્ષને યાદ કરતા જણાવ્યું કે ૩૦ ઓક્ટોબરનો દિવસ ઉત્તર પ્રદેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે આ જ દિવસે અયોધ્યામાં રામભક્તો પર ગોળીઓ ચલાવવામાં આવી હતી. તેમણે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે જે લોકોએ રામભક્તો પર ગોળીબાર કરાવ્યો હતો, જનતા તેમની ત્રીજી પેઢીને પણ માફ નહીં કરે. તેમણે પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહને યાદ કર્યા જેમણે પોતાની સરકારની પરવા કર્યા વિના રામ કાર્ય માટે બલિદાન આપ્યું હતું.

સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ પર નિશાન સાધતા ગૃહમંત્રીએ કહ્યું કે ચૂંટણીમાં હાર મળ્યા બાદ આ પક્ષો હવે અમ્પાયર પર દોષારોપણ કરી રહ્યા છે. વિપક્ષ દ્વારા લગાવવામાં આવતા 'વોટ ચોરી'ના આક્ષેપો અંગે તેમણે સ્પષ્ટતા કરી કે ભાજપ આ મુદ્દે સંસદમાં કોઈપણ પ્રકારની ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. પોતાના સંબોધનમાં અમિત શાહે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના કાયદો અને વ્યવસ્થાના મોડલના દિલ ખોલીને વખાણ કર્યા હતા. તેમણે સીએમ યોગીને અભિનંદન પાઠવતા કહ્યું કે તેમના મક્કમ અને કડક શાસન દ્વારા ઉત્તર પ્રદેશ આજે માફિયાઓથી મુક્ત બન્યું છે.

નૌસેનાની લડાયક ક્ષમતામાં નવો અધ્યાય

INS વિક્રાંત પર રાફેલ મરીનનું ઐતિહાસિક લેન્ડિંગ



ગાંધીનગર, તા.૩૦

ભારતીય નૌસેનાની શક્તિમાં એક મોટો અને ઐતિહાસિક વધારો થયો છે. દેશના પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર ઈંગજ વિક્રાંત પર રાફેલ મરીન ફાઈટર જેટનું પહેલીવાર સફળ લેન્ડિંગ કરવામાં આવ્યું છે. આ સફળતા ભારતીય સમુદ્રી તાકાત અને નૌસૈનિક પાયલટોના અદભૂત કૌશલ્ય તેમજ સાહસને સાબિત કરે છે. ભારતીય નૌસેનાએ આ સમગ્ર પ્રક્રિયાનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે, જે સ્પષ્ટ કરે છે કે દુશ્મનો પર બાજ નજર રાખવા અને સમુદ્રી સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દેશની નેવી સતત અપગ્રેડ થઈ રહી છે.

નૌસેનાના રિપોર્ટ મુજબ, ૨૯ ઓક્ટોબરના રોજ આ મહત્ત્વપૂર્ણ પરિક્ષણ પાર પડાયું હતું. એરક્રાફ્ટ કેરિયર પર ફાઈટર જેટ ઉતારવું એ સામાન્ય એરપોર્ટ પરના ઉતરાણ કરતા અત્યંત પડકારજનક હોય છે, કારણ કે સમુદ્રની વચ્ચે તરતા આ જહાજનો રનવે જમીન જેટલો લાંબો હોતો નથી. આ પ્રક્રિયામાં પાયલટે ખૂબ જ ટૂંકા અંતરમાં વિમાનની ગતિને સખત રીતે નિયંત્રિત કરીને જહાજના સીમિત ફ્લાઈટ ડેક પર લેન્ડ કરવાનું હોય છે. રાફેલ મરીન ખાસ દરિયાઈ ઑપરેશન માટે જ ડિઝાઇન કરાયેલું લડાયક વિમાન છે, જેણે આ કઠિન કસોટી પ્રથમ પ્રયાસમાં જ સફળતાપૂર્વક પાર કરી લીધી છે.

આ ટેસ્ટનો મુખ્ય હેતુ રાફેલ મરીન અને ઈંગજ વિક્રાંત વચ્ચે કાર્યકારી સુસંગતતા ચકાસવાનો હતો. આ લેન્ડિંગ એ માત્ર એક પરીક્ષણ નથી, પરંતુ ભારતીય નૌકાદળમાં આ આધુનિક વિમાનને સંપૂર્ણપણે કાર્યરત કરવાની દિશામાં લેવાયેલું મોટું પગલું છે. સંપૂર્ણપણે દેશમાં નિર્મિત ઈંગજ વિક્રાંત પર રાફેલ જેવા શક્તિશાળી વિમાનનો સમાવેશ થવો એ નૌકાદળની વિમાનવાહક જહાજ આધારિત ક્ષમતાઓમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. આગામી સમયમાં રાફેલ મરીનના વધુ નિર્ણાયક પરિક્ષણો થશે, જે સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ તેને ઔપચારિક રીતે નૌસેનામાં સામેલ કરી દેવામાં આવશે.

શોપિયાંમાં આતંકી ફંડિંગ નેટવર્કનો પર્દાફાશ

લશ્કર અને TRF સાથે જોડાયેલા ૧૦ શંકાસ્પદ ઝડપાયા



નવી દિલ્હી, તા.૩૦

જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લામાં સુરક્ષા દળો અને પોલીસને આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં મોટી સફળતા મળી છે. પોલીસે ગુપ્ત બાતમી અને સઘન તપાસના આધારે આતંકવાદી પ્રવૃત્તિઓ માટે નાણાં એકત્ર કરતા એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે, જેમાં લશ્કર-એ-તૈયબા (LeT) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) સાથે સંકળાયેલા ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આજે શોપિયાં પોલીસે આતંકી ફંડિંગ (Terror Financing) સંબંધિત કેસમાં આ સઘન કાર્યવાહી હાથ ધરી હતી. વિવિધ નાણાકીય વ્યવહારોની ઊંડાણપૂર્વક તપાસ દરમિયાન એક અત્યંત શંકાસ્પદ નેટવર્કની ઓળખ થઈ હતી. આ ગંભીર મામલાને પગલે શોપિયાં પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી કરતા FIR નંબર ૨૩૧/૨૦૨૬ નોંધવામાં આવી છે. પોલીસની સાયબર અને ફાઇનાન્સિયલ ટ્રેકિંગ ટીમોએ લાંબા સમયથી આ નેટવર્કની ગતિવિધિઓ પર નજર રાખી હતી. પોલીસ તપાસમાં ડિજિટલ પેમેન્ટ અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શનનો મોટો પર્દાફાશ થયો છે. વિવિધ પેમેન્ટ પ્લેટફોર્મ પર થયેલા શંકાસ્પદ ઓનલાઈન નાણાકીય વ્યવહારોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ નાણાંના વ્યવહારોની કડીઓ જોડતાં અનેક લોકોની સંડોવણી સ્પષ્ટ થઈ હતી. તપાસ એજન્સીઓનો દાવો છે કે આ નેટવર્કના કેટલાક સભ્યો અલગ-અલગ જેલોમાં બંધ આતંકવાદીઓ અને તેમના સહયોગીઓ સાથે સીધા સંપર્કમાં હતા, જે આતંકવાદી ઇકોસિસ્ટમને ગુપ્ત રીતે મદદ કરવાનો પ્રયાસ દર્શાવે છે.

પ્રાથમિક તપાસ મુજબ, પકડાયેલા આરોપીઓ સામાન્ય લોકો પાસેથી ગુપ્ત રીતે નાણાં એકત્ર કરતા હોવાની આશંકા છે. આ એકત્ર કરાયેલી રકમ વિવિધ ડિજિટલ નાણાકીય માધ્યમો દ્વારા લશ્કર-એ-તૈયબા (LeT) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) જેવી પ્રતિબંધિત આતંકવાદી સંસ્થાઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. આ નાણાંનો મુખ્ય ઉપયોગ આતંકીઓને સ્માર્ટફોન, અન્ય સંચાર સાધનો અને જરૂરી લોજિસ્ટિક સહાય પૂરી પાડવા માટે થતો હોવાની દ્રઢ શંકા છે.

વધુ ધરપકડની શક્યતા હાલ પોલીસે ધરપકડ કરાયેલા તમામ ૧૦ શંકાસ્પદોની સંડોવણી અને તેમના નાણાકીય સંપર્કોની સઘન તપાસ શરૂ કરી છે. તેમના બેંક ખાતા, કોલ રેકોર્ડ્સ અને ડિજિટલ ઉપકરણોની તપાસ ચાલી રહી છે. સમગ્ર નેટવર્કમાં અન્ય કેટલા લોકો જોડાયેલા છે અને આ ફંડિંગનું મૂળ ક્યાં છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછમાં મળતી નવી કડીઓના આધારે આગામી દિવસોમાં વધુ ધરપકડો થઈ શકે છે. પકડાયેલા લોકો સામેના તમામ આરોપો હાલ ઊંડી તપાસ હેઠળ છે.

ભગવતીપરામાં લગ્નના દોઢ વર્ષમાં જ પરિણીતાનો આપઘાત

પતિ, સાસુ, નણંદના ત્રાસથી ક્રિષ્ના મરવા મજબૂર થઈ

લગ્નના પાંચ મહિના બાદ નણંદએ તારા કરતા સારી છોકરી મારા ભાઈને મળી હોત, તને કાઈ આવડતું નથી કહી ઝગડો કર્યો હતોઃ માવતરે ગઈ તો પતિએ કહ્યું આજે જ પાછી આવ, નહિતર ક્યારેય ન આવતીઃ છેલ્લે ક્રિષ્નાએ હવે બીજો રસ્તો નથી એવો ફોન કરી ગળાફાંસો ખાઈ લીધો

રાજકોટ, તા. ૩૦

શહેરના ઘંટેશ્વર વિસ્તારમાં રહેતા પરિવારની ૨૪ વર્ષીય પુત્રી ક્રિષ્ણાએ લગ્નના દોઢ વર્ષના ટૂંકા સમયગાળામાં સાસરીયાઓના ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. પતિ, સાસુ, નણંદએ ત્રાસ આપી મરી જવા મજબૂર કર્યાનો ગુનો બી ડિવિઝન પોલીસમાં દાખલ થયો છે. સાસુ નણંદ પતિએ લગ્નના પાંચ જ મહિનામાં ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું. ક્રિષ્ના માવતરને પોતે મરી જશે એમ કહેતી હતી. અંતે તે મરી ગઈ હતી.

આ બનાવ અંગે મૃતકના માતા જ્યોત્સનાબેન બાબુભાઈ મિયાત્રા (ઉ.વ. ૪૮, રહે. તુલસી હાઉસ-૦૨, બંગલો નં. ૪૪, જલારામ મંદિર પાસે, ઘંટેશ્વર, રાજકોટ) દ્વારા બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી જ્યોત્સનાબેન તેમના પરિવાર સાથે ઘંટેશ્વર ખાતે રહે છે અને તેમને સંતાનમાં ચાર દીકરીઓ દિવ્યા (ઉ.વ. ૨૭), ક્રિષ્ણા (ઉ.વ. ૨૪), જાનકી (ઉ.વ. ૨૧) અને માનસી (ઉ.વ. ૧૬) છે. જેમાંથી બીજા નંબરની દીકરી ક્રિષ્ણાના લગ્ન મે-૨૦૨૪માં રાજકોટના ભગવતીપરા, ઋષભ બેકરીની સામે, ગજાનંદ સ્કૂલ સામે રહેતા રમેશભાઈ લક્ષ્મણભાઈ બોરિચાના પુત્ર ધવલ સાથે સામાજિક રીતિ-રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ ક્રિષ્ણા તેના પતિ ધવલ, સસરા રમેશભાઈ અને સાસુ નિર્મળાબેન સાથે સાસરીયામાં રહેતી હતી.

લગ્નના શરૂઆતના પાંચેક મહિના સંસાર સારો ચાલ્યા બાદ ક્રિષ્ણા જ્યારે પણ પિયરે આવતી ત્યારે રડવા લાગતી હતી. પૂછપરછ દરમિયાન તેણે માતાને જણાવ્યું હતું કે, તેની નણંદ ખુશાલી અને સાસુ નિર્મળાબેન તેને માનસિક ટોર્ચર કરે છે. નણંદ સાસરેથી આવે ત્યારે ''તારા કરતા સારી છોકરી મારા ભાઈને મળી હોત, તને કાઈ આવડતું નથી, તું ગરીબ



ઘરની છો અને તારા બાપે કાઈ આપ્યું નથી'' તેમ કહી મેણાં-ટોણાં મારતા હતા તેમજ તેને સમયસર જમવાનું પણ આપતા નહોતા.

દરમિયાન ક્રિષ્ણાની બહેનપણી રિદ્ધિએ પણ ફોન કરીને પરિવારને જાણ કરી હતી કે ક્રિષ્ણા સાસરીમાં ખૂબ તકલીફમાં છે અને મરી જવાની વાતો કરે છે. આથી પરિવારે ક્રિષ્ણાને ઘરે મોકલવા વાત કરતા પતિ ધવલે સ્પષ્ટ ના પાડી દીધી હતી અને ''ક્રિષ્ણાએ સહન કરવું જ પડશે, તે તમારા ઘરે નહીં આવે'' તેમ જણાવ્યું હતું. આજથી ત્રણેક મહિના પહેલા ક્રિષ્ણાએ વિડીયો કોલ કરીને પતિ ધવલ, નણંદ ખુશાલી અને સાસુ નિર્મળાબેને ભેગા મળીને તેને મારી હોવાની અને મરી જવાની વાત કરી હતી, જેથી પરિવારે સમજાવીને તેને પિયરે તેડી આણ્યા હતા. તે સમયે પણ સાસરીયાઓએ મેણાં-ટોણાં ચાલુ જ રાખ્યા હતા.

ત્યારબાદ તા. ૨૪/૧૦ના રોજ ક્રિષ્ણા પિયરે રોકાવા આવી હતી. દરમિયાન તા. ૨૬/૧૦ના રોજ પતિ ધવલે ફોન કરીને ધમકી આપી હતી કે ''તું આજે ને આજે પાછી આવી જા, નહિતર ક્યારેય પાછી ના આવતી''. તે જ સાંજે સાતેક વાગ્યાના અરસામાં ક્રિષ્ણાએ તેની બહેન જાનકી અને પિતાને ફોન કરીને રડતા રડતા જણાવ્યું હતું કે, ''નણંદ અને સાસુ મને મરી જવાનું કહે છે, પતિ સહયોગ આપતો નથી અને જમવાનું પણ પૂછતા નથી, મારી પાસે મરી જવા સિવાય કોઈ રસ્તો નથી''.

આ વાતચીત બાદ ક્રિષ્ણાએ ફોન કાપી નાખ્યો હતો. જેથી પરિવારજનો તાત્કાલિક તેની સાસરે જવા નીકળતા હતા તે જ સમયે ક્રિષ્ણાએ ગળેફાંસો ખાઈ લીધાના દુઃખદ સમાચાર મળ્યા હતા. આ મામલે બી ડિવીઝન પોલીસે મૃતકના પતિ ધવલ, સાસુ નિર્મળાબેન અને નણંદ ખુશાલી વિરુદ્ધ ઘરકામ બાબતે દબાણ કરી, માનસિક ત્રાસ આપી, મેણાં-ટોણાં મારી મરવા માટે મજબૂર કરવાનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

USDT કરન્સીમાં રોકાણના નામે

વેપારી સાથે ૫૫ લાખની ઠગાઈ કરનાર સુરતના શખ્સની આગોતરા જામીન રદ

અરજદારની કસ્ટોડિયલ ઈન્ટરોગેશન જરૂરી હોવાનુ ઠરાવી આરોપીની આગોતરા જામીન અરજી કરાઈ નામંજુર

રાજકોટ, તા.૩૦

રાજકોટના જૂના વાહનોની લે-વેચનો ધંધો કરતા વેપારી સાથે યુ.એસ.ડી.ટી. કરન્સીમાં રોકાણ કરાવી ઊંચા વળતરની લાલચ આપી રૂપીયા ૫૫ લાખની છેતરપીંડી કરવા સબબ સુરતના જતીન દેવેન્દ્ર કોઠારી સામે ફરીયાદ રાજકોટ ગાંધીગ્રામ પોલીસમાં તા.૨૪/૧૦/૨૦૨૪ ના રોજ નોંધાઈ હતી. જતીન દેવેન્દ્રભાઈ કોઠારીએ દરમિયાન જતિને સેસન્સ કોર્ટમા આગોતરા જામીન અરજી કરતા અરજી નામંજુર કરાઈ હતી.



ફરીયાદમા જણાવ્યા મુજબ ફરિયાદી દેવેનભાઈ દીલીપભાઈ મહેતા જૂના વાહનોની લે-વેચનો ધંધો કરે છે અને તેઓ મિત્ર ભાવિનભાઈ સાંગાણી મારફત આરોપી રાજુભાઈ મોહનભાઈ ભંડેરીના પરિચયમાં આવ્યા હતા. આરોપીએ ફરિયાદીને આરોપી સિધ્ધાર્થ રાજુભાઈ ભંડેરી સાથે ઓળખાણ કરાવી હતી. તેઓ તથા તેમનો મિત્ર અંકિત મુકેશભાઈ અજુડીયા યુ.એસ.ડી.ટી. કરન્સીનો ધંધો કરે છે. અને તેમાં રોકાણ કરશો તો સારુ વળતર મળશે તેવી લાલચ આપી હતી. અગાઉ ફરિયાદીએ આરોપીઓ મારફત રોકાણ કર્યું ત્યારે ટુંક સમયમાં નફો ચુકવી આપી ફરિયાદીનો વિશ્વાસ કેળવી લીધો હતો. ત્યારબાદ તા.૨૭/૧૨/૨૦૨૩ ના રોજ આરોપીએ દુબઈથી ધંધો કરવા માટે મોટી રકમનું રોકાણ કરવા જણાવતા ફરિયાદીએ તા.૨૮/૧૨/૨૦૨૩ ના રોજ ૫૫,૦૦,૦૦૦નું રોકાણ કર્યું હતું અને આરોપીની સૂચના મુજબ રોકડ રકમ આરોપી જતીન દેવેન્દ્રભાઈ કોઠારીને મોકલી આપી હતી., જે રકમ તેમણે મેળવી લીધી હોવાનુ ફરીયાદમા જણાવ્યું છે. ત્યારબાદ ફરિયાદી તા.૩૦/૧૨/૨૦૨૩ તથા તા.૦૬/૦૧/૨૦૨૪ ના રોજ સુરત જઈ આરોપીઓને મળેલા, જ્યાં આરોપીઓએ રકમ પરત આપવા વારંવાર માંગણી કરવા છતાં આરોપીઓએ મુદ્દલ રકમ કે તેનું વ્યાજ/નફો કંઈ જ પરત ન ચૂકવતા ફરિયાદીએ ફરિયાદ નોંધાવી હતી.

જે અન્વયે સરકાર તરફથી થયેલી દલીલો, તપાસ કરનાર અધીકારી દ્વારા રજુ કરવામા આવેલું સોગંદનામું તેમજ મુળ ફરીયાદી વતી રજુ કરાયેલી વિગતવારના વાંધા-જવાબો તેમજ પોલીસ પેપર્સ ધ્યાને રાખી, રાજકોટની એડી. સેસન્સ કોર્ટ દ્વારા એવું તારણ આપવામા આવ્યું હતું કે, ફરીયાદ મુજબ ફરિયાદીએ મોકેલેલા ૫૫ લાખની રકમ અરજદારે મેળવી છે, પોલીસ પેપર્સ મુજબ રકમ મેળવવા માટેનો કોડ તેમજ રકમ મળ્યાની પહોંચ અરજદાર દ્વારા ફોરવર્ડ કરવામા આવી છે, અરજદાર ફરીયાદ નોંધાયાના સમયથી ફરાર છે, સહ આરોપીઓને કસ્ટોડિયલ ઈન્ટરોગેશન બાદ જામીન મળ્યા છે અને અરજદાર સામેની તપાસ પ્રાથમિક તબક્કે છે, જેથી અરજદારની કસ્ટોડિયલ ઈન્ટરોગેશન જરૂરી હોવાનુ ઠરાવી આરોપીની આગોતરા જામીન મેળવવાની અરજી નામંજુર રાખતો હુકમ કર્યો હતો.

ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ, ખોખર, સંજયભાંઈ ભટ્ટ, નિમેશ વિ. જાદવ, નિલેશભાઈ કે. તન્ના, દયા કે. છાયાણી રોકાયા હતા. તેમજ સરકાર વતી અધિક સરકારી વકીલ ડી. એમ. મહેતા રોકાયા હતા.

પ્રથમ આર્થિક ગુના નિવારણ પોલીસ સ્ટેશન અમદાવાદ ખાતે શરૂ થશે

ગૃહ વિભાગે નોટિફિકેશન બહાર પાડ્યું : સ્વતંત્ર પોલીસ સ્ટેશનને મંજૂરી આપવામાં આવી

અમદાવાદ, તા.૩૦

રાજ્યમાં વધી રહેલી નાણાકીય છેતરપિંડી, બેંકિંગ ફ્રોડ અને આર્થિક ગેરરીતિઓ પર કડક તવાઈ લાવવા માટે ગુજરાત સરકારે મોટો નિર્ણય લીધો હતો. ગૃહ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર નોટિફિકેશન મુજબ, અમદાવાદમાં રાજ્યના સૌપ્રથમ આર્થિક ગુના (ઇકોનોમિક ઓફેન્સિસ) સંબંધિત સ્વતંત્ર પોલીસ સ્ટેશનને મંજૂરી આપવામાં આવી છે.

અત્યાર સુધી અમદાવાદ પોલીસની ઇકોનોમિક ઓફેન્સ વિંગ કાઇમ બ્રાન્ચ અંતર્ગત એક સેલ તરીકે કાર્યરત હતી. મોટા નાણાકીય કૌભાંડોની તપાસ માટે તેને કાઇમ બ્રાન્ચ કે સંબંધિત સ્થાનિક પોલીસ સ્ટેશનો પર નિર્ભર રહેવું પડતું હતું. જોકે, ગૃહ વિભાગના નવા નિર્ણય બાદ હવે ઈઓડબલ્યુને પોતાનું સ્વતંત્ર પોલીસ સ્ટેશન મળશે, જેનાથી આર્થિક ગુનાઓની તપાસમાં ઝડપ અને પારદર્શિતા આવશે તેવું મનાય છે. સ્વતંત્ર પોલીસ સ્ટેશનનો



દરજ્જો મળતાં જ આ વિંગને હવે સીધી જ એફઆઈઆર નોંધવાની, ધરપકડ કરવાની તેમજ વિશેષ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવાની સીધી સત્તા મળશે. આ પોલીસ સ્ટેશનમાં માત્ર આર્થિક છેતરપિંડી, પોન્ઝી સ્કીમો, બોગસ કંપનીઓ બનાવી આચરાતા ફ્રોડ અને રિયલ એસ્ટેટ સંબંધી મોટા નાણાકીય વિવાદોના કેસોની તપાસ માટે વિશેષ તાલીમબદ્ધ સ્ટાફ તહેનાત કરવામાં આવશે તેવું માનવામાં આવે છે. આ પગલાથી સામાન્ય નાગરિકો અને રોકાણકારો સાથે થતી કરોડો રૂપિયાની છેતરપિંડીના કેસોનો ઝડપી ઉકેલ આવશે તેમજ કાયદાકીય પ્રક્રિયા વધુ મજબૂત બનશે તેવું સરકારનું માનવું છે.

રાજકોટમાં 'અર્બન બેઠક સેશન ૩.૦'નું આયોજન

સંગીત અને માનવતાનો અનોખો સંગમ : ગુજરાતી સંસ્કૃતિ, લોકસંગીતને નવી પેઢી સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે દિવાળી પર્વ નિમિત્તે વિશેષ સંગીતમય મહેફિલ યોજાશે સાંસ્કૃતિક ધરોહરને જીવંત રાખવાનો પ્રયાસ

રાજકોટ, તા.૩૦

ગુજરાતી ભાષા, લોકસાહિત્ય, પરંપરાગત સંગીત અને સંસ્કૃતિને નવી પેઢી સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે 'અર્બન બેઠક'ની શરૂઆત કરવામાં આવી છે. અગાઉની બે બેઠકોને રાજકોટવાસીઓ તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો અને આ જ પ્રેમ તેમજ પ્રોત્સાહન સાથે હવે અર્બન બેઠક દ્વારા ત્રીજી સંગીતમય બેઠક 'Urban Bethak Session ૩.૦' નું આયોજન કરવામાં આવ્યું છે. આજના આધુનિક સમયમાં યુવા પેઢીને આપણી



સમૃદ્ધ સાંસ્કૃતિક ધરોહર સાથે જોડી રાખવાના હેતુથી આ વિશેષ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. દિવાળી નિમિત્તે વિશેષ સંગીતમય પ્રસ્તુતિ દિવાળીના પાવન પર્વ નિમિત્તે યોજાનારી આ સંગીતમય મહેફિલમાં કલાકારો પોતાની સુરીલી પ્રસ્તુતિથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. આ કાર્યક્રમમાં જાણીતા ગાયિકા ધ્રુવી ગોંડલિયા તથા ગાયક મિત્રો મિત રાવલ અને યુગ લખતરિયા (ટીમ) દ્વારા મધુર સંગીત પીરસવામાં આવશે. આ સમગ્ર ભવ્ય કાર્યક્રમનું સંચાલન આકાંક્ષા ગોંડલિયા દ્વારા કરવામાં આવશે. આત્મન ફાઉન્ડેશનના સહયોગથી કપડાં દાનની સેવાકીય પહેલ આ કાર્યક્રમ માત્ર સંગીત સુધી સીમિત ન રહેતા, તેમાં સેવાકીય પહેલ પણ સાંકળી લેવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન 'આત્મન ફાઉન્ડેશન'ના સહયોગથી ખાસ 'Clothes Donation Drive' (વસ્ત્રદાન અભિયાન) નું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાભાવી પ્રયાસના માધ્યમથી જરૂરિયાતમંદ લોકો સુધી કપડાં અને આવશ્યક મદદ પહોંચાડવામાં આવશે. કાર્યક્રમની વિગતો અને સમયરૂપરેખા 'Urban Bethak Session ૩.૦' કાર્યક્રમ આગામી તારીખ ૧ નવેમ્બર, ૨૦૨૬ ને રવિવારના રોજ યોજાવા જઈ રહ્યો છે. આ સંગીતમય મહેફિલ રાત્રે ૮:૦૦ વાગ્યાથી શરૂ થશે. કાર્યક્રમનું સ્થળ રાજકોટ સ્થિત RV's Kitchen રાખવામાં આવ્યું છે. સંસ્કૃતિ અને માનવતાના સમન્વયનો સંદેશ

અર્બન બેઠકના આયોજક અભિષેક મકવાણા દ્વારા આ સાંસ્કૃતિક અને સેવાકીય પહેલના સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અપીલ કરવામાં આવી છે. સંસ્થાનું મુખ્ય ધ્યેયવાક્ય જ એ છે કે 'અર્બન બેઠક – જ્યાં સંગીત મળે સંસ્કૃતિને અને મહેફિલ મળે માનવતાને'.

સમાજ પાસેથી મેળવેલું સમાજને પરત આપીએ છીએઃ દિનેશભાઈ પાઠક

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ૭૩મી વાર્ષિક સાધારણ સભા બાદ પરિવારગોષ્ઠી યોજાઈ : નાગરિક પરિવારજનોની વિશિષ્ટ સિદ્ધિ બદલ સન્માન



રાજકોટ, તા.૨૯

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ૭૩મી વાર્ષિક સાધારણ સભા બાદ પરિવારગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાગરિક પરિવારજનો દ્વારા મેળવેલ વિશિષ્ટ સિદ્ધિ બદલ તેમનું ભવ્ય બહુમાન કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉપસ્થિત અતિથિવિશેષોએ મનનીય વક્તવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે આપણે કરેલા સત્કર્મોને લીધે આપણી બેંક પ્રગતિ કરી રહી છે. સભાસદોના લાભાર્થે લેબોરેટરીમાં નિદાન માટે રૂા. ૮૮ લાખ ૯૩ હજારની સહાય કરવામાં આવી છે. સભાસદો માટે અકસ્માત વીમો લીધેલ છે, જેમાં ગત વર્ષે આકસ્મિક મૃત્યુ પામેલ સભાસદોના પરિવારજનોને રૂા. ૨૪ લાખનો આર્થિક સધિયારો આપ્યો છે અને અત્યાર સુધીમાં આવા કિસ્સાઓમાં કુલ રૂા. ૩ કરોડ ૪૯ લાખની આર્થિક સહાય કરવામાં આવી છે. આ ઉપરાંત, સભાસદોના સંતાનોને શૈક્ષણિક પુરસ્કાર અને સ્કોલરશીપ આપવામાં આવે છે, શહેરના સૌંદર્યાકરણમાં યોગદાન અપાયેલું છે અને છેલ્લા ૨૮ વર્ષથી ૪ થી ૧૬ વર્ષના બાળકો માટે નિઃશુલ્ક ક્રિકેટ કોચિંગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આપણે સમાજ પાસેથી જે મેળવીએ છીએ તે સમાજને પરત આપીએ છીએ.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત સંઘચાલકજી મુકેશભાઈ મલકાણે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે અનેક ચડાવ-ઉતાર અને ઝંઝાવાતો વચ્ચે અનેક બેંકો ટકી ન શકી તેવા વાતાવરણમાં રાજકોટ નાગરિક સહકારી બેંક અવિરત પ્રગતિ કરી રહી છે. રાજકોટના સંસદસભ્ય પુરુષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે બેંકનું બ્રાન્ડીંગ તેની શાખાઓ દ્વારા થાય છે કારણ કે બેંક શાખથી ચાલે છે. ૭૩ વર્ષ પહેલા શરૂ થયેલી આ બેંકની શાખને આપ સહુ સાચવીને અને જાળવીને આગળ વધારી રહ્યા છો તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

ગોષ્ઠી દરમિયાન નાગરિક પરિવારજનોમાંથી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોનું મહાનુભાવોના હસ્તે બહુમાન કરાયું હતું. જેમાં દિનેશભાઈ પાઠક (સૌરાષ્ટ્ર-કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેંક ફેડરેશનમાં વાઇસ ચેરમેન તરીકે નિયુક્ત), પ્રવિણભાઈ ધોળકીયા (ગુજરાત રાજ્ય દિવ્યાંગ પારિતોષિક સમિતિનાં સદસ્ય), ડો. કમલભાઈ ડોડીયા (રાજકોટ સીવીલ હોસ્પીટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ), હરીશભાઈ જોષી (રાજકોટ કન્ઝયુમર પ્રોડકટ ડીસ્ટ્રીબ્યુશન એસોસીએશન તરફથી એક્સલન્સ સપોર્ટ એન્ડ કો-ઓપરેશન એવોર્ડ વિજેતા), સુરેશભાઇ નાહટા (ભારતીય શિક્ષણ મંડળ-સૌરાષ્ટ્ર પ્રાંતમાં પુનઃ નિયુક્ત), વલ્લભભાઇ દુધાત્રા (રાજકોટ શહેર ભાજપના મહામંત્રી), નરેશભાઈ કેલા (જ્યોજીર્યાના ટીબીલીસી ખાતે આયોજીત યુનાઇટેડ નેશન્સ પબ્લીક સર્વિસ ફોરમ ૨૦૨૬માં ડેલિગેટ તરીકે વિશેષ નિમંત્રીત સદસ્ય), પ્રદિપભાઈ જૈન (ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝમાં વિવિધ સમિતિઓમાં ચેરમેન અને સદસ્ય તરીકે નિયુક્તિ તથા ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોશીએશન કો-ઓપ્ટ મેમ્બર), અને ઓજસભાઇ ખોખાણી (ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ આર્યુવેદના ટ્રસ્ટી તથા એમ. કે. શેઠીયા મેમોરીયલ ટ્રસ્ટમાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિયુક્ત) સન્માનિત થયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ભારતમાતા અને અરવિંદભાઈ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આભાર દર્શન ચંદ્રેશભાઈ ધોળકિયાએ કર્યું હતું જ્યારે સરળ અને સફળ સંચાલન રજૂઆત રજનીકાંત રાયચુરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનમાં બેંકના હોદ્દેદારો, સંચાલક મંડળના સભ્યો, ડેલિગેટ્સ, શાખા વિકાસ સમિતિના સદસ્યો, આમંત્રિતો અને મોટી સંખ્યામાં નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

શિક્ષણ ક્ષેત્રે હાહાકાર

સૌરાષ્ટ્રના ૧૭,૦૦૦ સ્વનિર્ભર સંચાલકોની મહાગર્જના!

‘માત્ર આશ્વાસનો નહીં, હવે નક્કર નિર્ણયો જોઈએ’ : સરકાર સામે લડી લેવાના મૂડમાં શાળા સંચાલકો

રાજકોટ, તા. ૩૦

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાત દ્વારા રાજકોટના હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે સૌરાષ્ટ્ર ઝોનના ૧૦ જિલ્લાના શાળા સંચાલકોનું મહાસંમેલન તા. ૩૦ ઓક્ટોબરના શુક્રવારના રોજ ભવ્ય રીતે યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સ્વનિર્ભર શાળાઓની સ્વાયત્તતા, આર્થિક સદ્ધરતા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે સંકળાયેલા પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરી સરકાર સમક્ષ નક્કર અને સમયબદ્ધ નિરાકરણની માંગ કરવામાં આવી હતી.



મહામંડળના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે ગુજરાતની ૧૭,૦૦૦ થી વધુ સ્વનિર્ભર શાળાઓ રાજ્યના શૈક્ષણિક વિકાસમાં મહત્વનું યોગદાન આપી રહી છે. આ શાળાઓના હિત, અધિકારો અને સ્વાયત્તતાના રક્ષણ માટે સરકાર સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં પડતર પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવ્યું નથી, જેના કારણે રાજ્યભરના શાળા સંચાલકોમાં ભારે નારાજગી પ્રવર્તે છે.

મહામંડળના અધ્યક્ષ ભરતભાઈ ગાજીપરાએ તેમની માંગણીઓ અંગે જણાવ્યું હતું કે માધ્યમિક શિક્ષણ બોર્ડના સુધારા વિધેયક-૨૦૨૬ની સ્વનિર્ભર શાળાઓને અસર કરતી જોગવાઈઓ અંગે રજૂ કરાયેલા વાંધાઓની સમીક્ષા કરી જરૂરી સ્પષ્ટતા અને સુધારા કરવામાં આવે. શાળાઓની કાયદેસરની સ્વાયત્તતા, વહીવટી અધિકારો અને શૈક્ષણિક સ્વતંત્રતાનું રક્ષણ થાય તથા શાળાઓને અસર કરતા નીતિગત નિર્ણયો લેતાં પહેલાં મહામંડળ સાથે અર્થપૂર્ણ ચર્ચા કરવામાં આવે તેવી સરકાર અને શિક્ષણ વિભાગ સમક્ષ માંગ છે.

મહામંડળના પ્રમુખ જતીનભાઈ ભરાડે જણાવ્યું હતું કે રાજ્યના ચારેય એફઆરસી (ઝોનની સમિતિઓની નિર્ણયપ્રક્રિયા અને માપદંડોમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવી જરૂરી છે. સમાન પરિસ્થિતિ ધરાવતી શાળાઓ માટે સમાન અને પારદર્શક માપદંડ અમલમાં મૂકવામાં આવે, ફી દરખાસ્તોનો નિર્ધારિત સમયમર્યાદામાં નિકાલ થાય અને શાળાઓના વાસ્તવિક સંચાલન ખર્ચને યોગ્ય મહત્વ આપવામાં આવે તેવી તેમણે રજૂઆત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ફીનું નિયમન થવું જોઈએ, બિનજરૂરી નિયંત્રણ નહીં; નિયમન ન્યાયસંગત, ખર્ચ આધારિત અને શાળાઓની કાયદેસરની સ્વાયત્તતા જાળવનારું હોવું જોઈએ.

મહામંડળના હોદ્દેદારોએ સ્પષ્ટ કર્યું હતું કે, ‘‘અમે સરકાર સાથે સંવાદ અને સહકારથી પ્રશ્નો ઉકેલવા ઈચ્છીએ છીએ. અમારી માંગ કોઈ વિશેષ છૂટછાટની નથી; ન્યાયસંગત ફી નિયમન, વાસ્તવિક ખર્ચ આધારિત આરટીઈ ભરપાઈ, એફઆરસીમાં એકસૂત્રતા, વહીવટી પારદર્શિતા અને શાળાઓની કાયદેસરની સ્વાયત્તતાનું રક્ષણ થાય તે અમારી માંગ છે. હવે માત્ર આશ્વાસનોને બદલે નક્કર નિર્ણયો અને સમયબદ્ધ અમલીકરણ જરૂરી છે.’’

’સમાન પ્રશ્ને સમાન નિર્ણય’ ના અભિગમ સાથે યોજાયેલા આ મહાસંમેલનમાં સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાના શાળા સંચાલકોએ ઉપરોક્ત મુદ્દાઓ અને આગામી રણનીતિ અંગે ચર્ચા અને વિચારણા કરી હતી. સૌરાષ્ટ્ર કક્ષાનું આ અધ?પઋઋ(સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ રાજકોટના યજમાન પદે સફળતાપૂર્વક યોજાયું હતું, આ માટે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ ડી. વી. મહેતા અને પ્રમુખ અવધેશભાઈ કાનગઢની આગેવાનીમાં મંડળના કારોબારી સભ્યો અને હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

શિક્ષણ સુધારા વિધેયક અને FRC મુદ્દે ૧૭ હજાર સંચાલકો લડી લેવાના મૂડમાં

હેમુ ગઢવી હોલ ખાતે સૌરાષ્ટ્ર ઝોન સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની એક અતિ મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં સૌરાષ્ટ્રના અલગ-અલગ ૧૦ જિલ્લાઓમાંથી બહોળી સંખ્યામાં શાળા સંચાલકો એકત્રિત થયા હતા. શિક્ષણ સુધારા વિધેયક અને ફી નિર્ધારણ કમિટી (ઋઋઈ) સહિતના નીતિ-નિયમો સામે વિરોધ નોંધાવતા રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના આશરે ૧૭,૦૦૦થી વધુ ખાનગી શાળા સંચાલકો હવે સરકાર સામે આરપારની લડાઈ લડી લેવાના મૂડમાં જોવા મળી રહ્યા છે. સંચાલકોએ પોતાની મુખ્ય ૫ પડતર માંગણીઓને મુદ્દે સરકાર સામે અસહકાર આંદોલનની સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે. આ જંગના ભાગરૂપે દિવાળીનો તહેવાર પૂર્ણ થયા બાદ તમામ સંચાલકો ગાંધીનગર ખાતે એકઠા થઈને સરકાર સમક્ષ સામૂહિક રજૂઆત કરશે. આ સાથે જ સંચાલક મંડળે આખરી અલ્ટીમેટમ આપતા જાહેરાત કરી છે કે જો સરકાર દ્વારા તેમની વ્યાજબી માંગણીઓનો ઉકેલ લાવવામાં નહીં આવે, તો આગામી ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ રાજ્યભરની તમામ ખાનગી શાળાઓ સંપૂર્ણપણે બંધ રાખીને ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવશે.

મુખ્ય મુદ્દાઓ અને ધારદાર માંગણીઓ

- શિક્ષણ સુધારા વિધેયક-૨૦૨૬ સામે વિરોધ: સ્વનિર્ભર શાળાઓની સ્વાતંત્ર્યતા અને કાયદેસરના અધિકારો છીનવતી જોગવાઈઓની તીવ્ર સમીક્ષા કરી તેમાં તાત્કાલિક સુધારા કરવાની માંગ.
- આરટીઈ (છઝઉ) ભરપાઈમાં અન્યાય: નબળા અને વંચિત વર્ગના બાળકોને ભણાવતી શાળાઓને માત્ર ’ટોકન રકમ’ નહીં, પરંતુ વાસ્તવિક ખર્ચને અનુરૂપ ન્યાયસંગત ભરપાઈ મળવી જ જોઇએ.
- એફઆરસી (ઋઋઈ) માં એકસૂત્રતાનો અભાવ: ચારેય ઋઋઈ ઝોનની સમિતિઓની નિર્ણય પ્રક્રિયા અને માપદંડોમાં રહેલી વિસંગતતાઓ દૂર કરી પારદર્શક નીતિ અપનાવવાની માંગ.
- વહીવટી પ્રક્રિયાઓનું સરળીકરણ: શાળાકીય મંજૂરી, માન્યતા અને વર્ગવધારામાં ચાલતી કાગળની લાલફીતાશાહી તથા બિનજરૂરી દસ્તાવેજી ત્રાસથી મુક્તિ અપાવવાની માંગ.

દીપોત્સવીની ભવ્ય તૈયારીઓ

ખર્ચ કાપ સાથે ૬ થી ૮ નવેમ્બર દરમિયાન યોજાશે ‘મિની દિવાળી કાર્નિવલ’!



રાજકોટ, તા. ૩૦

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રકાશવર્ષ દિપાવલીના પર્વને રંગોળી, સંગીત, સ્વાદિષ્ટ વાનગીઓ અને ભવ્ય આતશબાજીના રંગોથી ઉજવવા માટે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ગત વર્ષે ચાર દિવસનો દિપાવલી કાર્નિવલ યોજવામાં આવ્યો હતો, જ્યારે આ વખતે ખર્ચ કાપના ભાગરૂપે ત્રણ દિવસીય ’મિની દિવાળી કાર્નિવલ’ તા. ૬ થી ૮ નવેમ્બર દરમિયાન યોજવાનું જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડક સંજયસિંહ રાણા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન મનીષ ભટ્ટે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોના જીવનમાં આનંદ, ઉમંગ અને ઉત્સાહના રંગો ઉમેરવા તથા દીપોત્સવીના પર્વને યાદગાર બનાવવા માટે વિવિધ આકર્ષક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રકાશના પર્વ દિવાળીની પરંપરાગત ઉજવણીને આધુનિક મનોરંજન, સાંસ્કૃતિક અભિવ્યક્તિ અને ઉત્સવના અદભૂત વાતાવરણ સાથે જોડવાના હેતુથી તૈયાર કરવામાં આવેલા આ કાર્યક્રમો રાજકોટવાસીઓ માટે વિશેષ આકર્ષણરૂપ બનશે.

દિવાળી એ માત્ર દીપ પ્રગટાવવાનો તહેવાર નથી, પરંતુ પરસ્પર પ્રેમ, સ્નેહ, એકતા, ખુશીઓ અને નવી આશાઓની આપ-લે કરવાનો ઉત્સવ છે. આ પર્વને વધુ આનંદમય અને ઉત્સવસભર બનાવવા મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ સ્થળોએ રોશની, ફૂડ ફેસ્ટિવલ, લેસર શો, આતશબાજી, રંગોળી સ્પર્ધા અને કાર્નિવલ જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો દ્વારા નાગરિકો અને તેમના પરિવારજનોને દિવાળીની રજાઓ દરમિયાન આનંદદાયક વાતાવરણમાં એકસાથે ઉત્સવની અનેરી ઉજવણી કરવાનો અવસર પ્રાપ્ત થશે. રાજકોટ શહેરની સાંસ્કૃતિક ઓળખ, ઉત્સવપ્રિયતા અને નાગરિકોની સહભાગિતાને વધુ પ્રોત્સાહન આપવાના આશયથી આ રંગબેરંગી કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. ધનતેરસ એટલે ૬ નવેમ્બરના રોજ રોશની, સ્વાદ અને આતશબાજીનો ત્રિવેણી સંગમ ત્યારબાદ કાળી ચૌદસ ૭ નવેમ્બરના રોજ રંગોળી સ્પર્ધા અને છ ફ્લોટ્સ સાથે ટેબ્લો કાર્નિવલનું આકર્ષણ લોકોને મંત્રમુગ્ધ કરશે.

ફૂડ સેફટી ડ્રાઈવમાં ૪૬ પેઢીઓ પર ચકાસણી, ૨૨ કિલો અખાદ્ય જથ્થો જપ્ત કરી નષ્ટ કરાયો

દિવાળીના તહેવાર ટાણે રાજકોટ મનપાની લાલ આંખ

રાજકોટ, તા. ૩૦

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા અને ફૂડ વિભાગ દ્વારા તહેવારોના દિવસોમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં અટકાવવા માટે અત્યંત કડક રૂખ અપનાવવામાં આવ્યો છે. દિવાળીના તહેવારને અનુલક્ષીને ખાસ ’સ્પેશિયલ સર્વેલન્સ ડ્રાઈવ’ હાથ ધરીને રાજકોટના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની કુલ ૪૬ પેઢીઓ પર ઓચિંતી તપાસ કરવામાં આવી હતી. આ સઘન ચેકિંગ દરમિયાન ગંદકી, વાસી અને અખાદ્ય ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. તપાસ દરમિયાન ૨૨ કિલોગ્રામ જેટલો અખાદ્ય, વાસી, પડતર અને એક્સપાયર્ડ જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. સ્વચ્છતાનો અભાવ, લાઈસન્સ પ્રદર્શિત ન કરવા અને યોગ્ય સ્ટોરેજ ન હોવા બદલ કુલ ૫ પેઢીઓને નોટિસ ફટકારવામાં આવી છે અને વહીવટી ચાર્જ પેટે કુલ ૩,૫૦૦ વસૂલવામાં આવ્યા છે. આ ઉપરાંત ભેળસેળની શંકાના આધારે ફરસાણ, મીઠાઈ, મુખવાસ અને કન્ફેક્શનરી સહિતના કુલ ૧૨ નમૂના લઈને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.



રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા તહેવારોની મોસમમાં લેવાયેલો આ કડક પગલાંથી અખાદ્ય અને નકલી ચીજવસ્તુઓનું વેચાણ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. મનપા દ્વારા આગામી દિવસોમાં પણ જાહેર જનતાના સ્વાસ્થ્યને સર્વોપરી ગણીને આવી સઘન ચેકિંગ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી છે. આ ઉપરાંત, રામેશ્વર ચોક (નાણાવટી મેઈન રોડ) તથા લાખના બંગલાવાળો મેઈન રોડ વિસ્તારમાં આવેલી વિવિધ પ્રોવિઝન સ્ટોર્સ, ફરસાણ ગૃહ, પાન-કોલ્ડ્રીંક્સ અને ખાણી-પીણીની અન્ય દુકાનો સહીત કુલ ૩૬ પેઢીઓમાં પણ સઘન સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં વિશ્વાસ પ્રોવિઝન સ્ટોર, હિંગળાજ ફાસ્ટ ફૂડ, ચામુંડા ફરસાણ, વી.એસ એન્ટરપ્રાઈઝ, ધ ગીર દેશી ભાણું, યોનો ફાસ્ટ ફૂડ ઝટઝ કઝઉ, ગુજ્જુ ગ્રીલ પોઈન્ટ, કૃષ્ણનિધિ સેલ્સ, આસ્થા પ્રોવિઝન સ્ટોર, ગોકુલ સેલ્સ એજન્સી, જલારામ વેફર્સ, સર્વોત્તમ લાઈમ બેકરી, પૂજા પાણીપુરી, જલારામ પ્રોવિઝન સ્ટોર, સોડા કાફે, ક્રિષ્ના પ્રોવિઝન સ્ટોર, સાયોના પ્રોવિઝન સ્ટોર, લક્ષ્મી નાસ્તા સેન્ટર, ક્રિષ્ના પાન કોલ્ડ્રીંક્સ, જલારામ જાંબુ, લક્ષ્મી પાંવભાજી, ગાયત્રી ડેરી ફાર્મ, વિનોદ મેડિકલ, ખોડીયાર કોલ્ડ્રીંક્સ લચ્છી, મોમાઈ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ, જય જલારામ જનરલ સ્ટોર, ગોકુલ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ, પંચનાથ ફરસાણ, શ્રી હરી દાળ-પકવાન, શિવ સુપર માર્કેટ, વ્રજ કોલ્ડ્રીંક્સ, વ્રજ સેલ્સ એજન્સી, બાપા સીતારામ દાળ-પકવાન, ડિલિસિયસ ફૂડમાં મોગલ કૃપા સ્ટોર અને ગાંધીગ્રામ ૮૦ ફૂટ રોડ પર આવેલ બાપા સીતારામ પાન કોલ્ડ્રિંક્સ સહિતના એકમોની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી. તંત્ર દ્વારા લેવાયેલા આ કડક પગલાંથી ખાદ્યપદાર્થોના વેચાણકારોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મનપાના ફૂડ વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ તહેવારોની ભીડને ધ્યાનમાં રાખીને આ ચેકિંગ ઝુંબેશ વધુ સઘન રીતે ચાલુ રાખવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

જગતનો તાત લાચાર

કોંગ્રેસનું ‘ખેડૂત અધિકાર આંદોલન’

ભાજપ સરકાર સામે આક્રમક હલ્લાબોલ : ‘આવક બમણી કરવાના’ વચનો હવામાં, ખેડૂતો આર્થિક સંકટમાં: સરકાર સામે વિરોધના સૂર

રાજકોટ, તા. ૩૦

ગુજરાતના ખેડૂતોના હક અને અધિકારની લડાઈને વધુ આક્રમક તથા મજબૂત બનાવવાના ભાગરૂપે આજે રાજકોટ શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ‘ખેડૂત અધિકાર આંદોલન’ અંતર્ગત વિશાળ ધરણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતના દિગ્ગજ નેતાઓની ખાસ ઉપસ્થિતિમાં યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં ભાજપ સરકારની ખેડૂત, ખેતી અને ગામડાં વિરોધી નીતિઓ સામે સખત આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. મંચ પરથી તમામ અગ્રણીઓએ એકસૂરે માગ કરી હતી કે સરકારે પોતાની સંવેદનહીનતા છોડીને આર્થિક સંકટમાં ઘેરાયેલા જગતના તાતના પ્રશ્નોનો તાત્કાલિક ધોરણે સંતોષકારક ઉકેલ લાવવો પડશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ઉપસ્થિત નેતાઓએ ભાજપ શાસન પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સત્તા પર આવ્યા પહેલાં વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનો મોટો દાવો કર્યો હતો. પરંતુ આજે વાસ્તવિકતા સંપૂર્ણપણે ઊંધી સાબિત થઈ રહી છે. ખેડૂતોની આવક બમણી થવાને બદલે ખેતી કરવાનો ખર્ચ આસમાને પહોંચી ગયો છે. બિયારણ, ખાતર, ડીઝલ, વીજળી, મજૂરી અને સિંચાઈના ભાવમાં સતત થતા વધારાના કારણે ખેડૂતોનું બજેટ ખોરવાઈ ગયું છે અને તેમની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. એક તરફ મોંઘવારીનો અસહ્ય બોજ અને બીજી તરફ ખેતપેદાશોના પૂરતા અને પોષણક્ષમ



ભાવ ન મળવાના કારણે અન્નદાતા પિસાઈ રહ્યો છે. કપાસ, મગફળી કે અન્ય પાકોનું ઉત્પાદન કર્યા પછી પણ ખેડૂતને પોતાની મહેનતનું યોગ્ય વળતર મળતું નથી, ત્યારે કોંગ્રેસ પક્ષે સીધો સવાલ ઉઠાવ્યો હતો કે ખેડૂતોની આવક બમણી કરવાના ભાજપના વચનનું શું થયું?

આ તકે કોંગ્રેસ પક્ષ દ્વારા સરકાર સમક્ષ સ્પષ્ટ માગણીઓ મૂકવામાં આવી હતી કે, સરકારે તાત્કાલિક ધોરણે ખેડૂતોના પાક નુકસાનીનું નિષ્પક્ષ અને પારદર્શી મૂલ્યાંકન કરીને મહત્તમ આર્થિક સહાય ચૂકવવી જોઈએ. આ ઉપરાંત ખેડૂતોને દેવામુક્ત કરવા માટે નક્કર દેવા માફીની નીતિ જાહેર કરવામાં આવે અને બજારમાં ખેડૂતોને તેમની તમામ ઉપજના યોગ્ય ટેકાના ભાવ કે પોષણક્ષમ ભાવ મળી રહે તેવી કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં આવે. જો સરકાર આગામી દિવસોમાં આ પ્રશ્નોનો યોગ્ય ઉકેલ નહીં લાવે તો કોંગ્રેસ પક્ષ આ આંદોલનને ગામડે-ગામડે સુધી લઈ જઈને વધુ ઉગ્ર બનાવશે તેવી તાકીદ કરવામાં આવી હતી.

આ ધરણા કાર્યક્રમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની સૂચના અને માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિતેશ વોરાના સંયુક્ત આયોજન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આ વિરોધ પ્રદર્શનમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાની વિશેષ ઉપસ્થિતિ સાથે ગુજરાત વિધાનસભાના પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણી, એઆઈસીસી (અઈઈઈ) સેક્રેટરી ઋત્વિક મકવાણા, પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ લલિત કગથરા, ધારાસભ્ય વિમલ ચુડાસમા, મહોમદ જાવેદ પીરઝાદા, પૂર્વ ધારાસભ્ય લલિત વસોયા, જેનીબેન ઠુમ્મર સહિત સૌરાષ્ટ્ર અને કચ્છના વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ, શહેર તથા જિલ્લાના હોદ્દેદારો, વિવિધ સેલ-મોરચાના પ્રતિનિધિઓ અને બહોળી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર સામે જોરદાર સૂત્રોચ્ચાર કરીને પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો.

આક્રમક નિર્ણાયક

ગતકડાં છોડો, સ્વ.ઇન્દિરાજીમાંથી પ્રેરણા લઇને કોંગ્રેસ મેદાનમાં આવે



આવતીકાલે દેશના પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના ધરખમ નેતા સ્વ. ઇન્દિરા ગાંધીની પુણ્યતિથિ છે. ભારતીય રાજકારણના લાંબા ઇતિહાસમાં, ખાસ કરીને કોંગ્રેસના સત્તાયુગમાં, ઇન્દિરાજીનું નેતૃત્વ સૌથી વધુ આક્રમક, મક્કમ અને નિર્ણાયક રહ્યું હતું. તેમનું વ્યક્તિત્વ લોખંડી મનોબળ અને અડગ આત્મવિશ્વાસનું પ્રતીક હતું, જેના કારણે વિરોધીઓ પણ તેમની રાજકીય કુશળતાના લોહિયાળ સમર્થક બનતા હતા.

ઇન્દિરાજી માત્ર એક નેતા નહોતા પરંતુ કઠિન પરિસ્થિતિઓમાં પણ અડગ રહેનાર 'આયર્ન લેડી' હતા. ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં તેમના નિર્ણાયક નેતૃત્વ હેઠળ ભારતે માત્ર વિજય જ મેળવ્યો ન હતો, પરંતુ પાકિસ્તાનના કટકા કરીને બાંગ્લાદેશનું નિર્માણ કરાવી દીધું હતું. બેન્કોનું રાષ્ટ્રીયકરણ હોય, પૃથ્વીપુરનો અંત લાવવાનો નિર્ણય હોય કે પછી દેશની અખંડિતતા માટે લેવાયેલા કડક પગલાં-તેમની દરેક નીતિ સ્પષ્ટ અને પ્રભાવી હતી.

આજની કોંગ્રેસ પક્ષની સ્થિતિ પર નજર કરીએ તો ચિત્ર સાવ અલગ જોવા મળે છે. હાલ કોંગ્રેસ પોતાના અસ્તિત્વનો જંગ ખેલી રહી છે. રાહુલ ગાંધીને સક્રિય રાજકારણમાં દોઢ દાયકા કરતાં વધુ સમય થઈ ગયો છે, પક્ષ સતત પતનના આરે ધકેલાઈ રહ્યો છે. કોંગ્રેસની રણનીતિમાં ધારનો અભાવ છે. ગતકડાં જેવા કે ઉછાંછળા મુદ્દાઓ અને પૂરતી તાકાત વગરનો વિરોધ પક્ષને મજબૂત બનાવવાને બદલે વધુ નબળો પાડી રહ્યો છે. જમીની સ્તરે સંગઠનનો અભાવ અને સ્પષ્ટ દિશાહીનતા પક્ષની મુખ્ય નબળાઈ બની ગયા છે. રાજનીતિની બદલાતી તરાહ અને પ્રવાહ પરિવર્તનને કોંગ્રેસ ઓળખી શકતી નથી. દિલ્હીમાં રાહુલના નેતૃત્વમાં વોટચોરી મુદ્દે વિરાટ પ્રદર્શન થવાનું છે, આ લડત લાંબા સમયથી ચાલે છે, પણ લોકોમાં તેનો પ્રભાવ નહિવત છે,એ હકીકત છે.

આ સંકટના સમયમાં, કોંગ્રેસ માટે સ્વ. ઇન્દિરા ગાંધીનું જીવનચરિત્ર અને તેમની કાર્યશૈલી જ સૌથી મોટી પ્રેરણા બની શકે છે. કોંગ્રેસે માત્ર સત્તા પગલાં નહીં લે અને આત્મચિંતન કરી જૂની તાકાત પુનઃ પ્રાપ્ત નહીં કરે, ત્યાં સુધી અસ્તિત્વની લડાઈ જીતવી મુશ્કેલ બનશે. જો કોંગ્રેસે ફરીથી બેઠા થવું હોય, તો તેણે ઇન્દિરાજીની જેમ જ 'આક્રમક' અને 'નિર્ણાયક' રાજનીતિ અપનાવીને જ મેદાનમાં આવવું પડશે.

અયોધ્યામાં ૫૬ ઘાટ પર દીવાઓની વ્યવસ્થા

દસમા દીપોત્સવની તૈયારીઓ : ૩૦ લાખથી વધુ દીવડાઓનું લક્ષ્ય

નવીદિલ્હી, તા. ૩૦

અયોધ્યામાં દાયકાઓ સુધી ચાલતા દીપોત્સવની ઉજવણીની કલ્પના કરો. સરયુ નદીના કિનારે સાંજનો સિંદૂર રંગ વધુ ઘેરો થશે, અને દરેક ઘાટ પર લાખો દીવાઓ એકસાથે ઝબકશે, જે અયોધ્યાને એક જીવંત પ્રાર્થનામાં પરિવર્તિત કરશે. આ દીપોત્સવનું દસમું સંસ્કરણ છે, અને આ વખતે, લક્ષ્ય ત્રીસ લાખ દીવાઓનું છે. પરંતુ આ ઘટનાનું મહત્વ માત્ર સંખ્યા દ્વારા માપી શકાય નહીં. રામરાજ્યની સ્મૃતિમાં ડૂબેલા શહેરમાં, દરેક દીવો પ્રગટાવવામાં આવે છે તે આદર્શનું પ્રતીક છે. એવું કહી શકાય કે જ્યાં વહીવટી ઇચ્છાશક્તિ અને કાર્યક્ષમ સંચાલન એકસાથે ચાલે છે, જ્યાં શ્રદ્ધા વ્યવસ્થાના વ્યવહારને મળે છે, ત્યાં રામરાજ્યનું દર્શન ફક્ત એક વાર્તા રહેવાનું બંધ કરે છે; તે એક પદ્ધતિ, કાર્યશૈલી બની જાય છે.

ચાલો દીપોત્સવની દિવ્ય યાત્રા પર એક નજર કરીએ. ૨૦૧૭ માં, પ્રથમ દીપોત્સવ દરમિયાન ૫૧,૦૦૦ દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. ત્યારબાદ, આ સંખ્યા વર્ષ-દર-વર્ષ વધતી ગઈ, વિશ્વ રેકોર્ડ બનાવ્યા અને લોકોના હૃદયમાં ઊંડે સુધી વધતી ગઈ. દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ સરયુ નદીના કિનારે અને રામના ઘાટ પર ઝળહળતા દીવાઓ જોવા માટે નદીની મુલાકાત લે છે. દીવાઓની વધતી સંખ્યા કોઈ સંયોગ નથી. તે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની રામમાં શ્રદ્ધા અને તેમના કુશળ નેતૃત્વનું પરિણામ છે. વહીવટી કાર્યક્ષમતા અને કાર્યક્ષમ સંચાલન અહીં સ્પષ્ટ છે.

ખરેખર, રામરાજ્યનો પ્રાથમિક માપદંડ સુવ્યવસ્થિતતા છે. રામાયણ અયોધ્યાને એક એવા શહેર તરીકે વર્ણવે છે જ્યાં લોકો શાંતિમાં રહે છે કારણ કે રાજ્ય તેની જવાબદારીઓ સમજે છે. આ જ માપદંડ સામે પ્રકાશના ઉત્સવની તૈયારીઓનો વિચાર કરો. આ વખતે, છપ્પન ઘાટ પર દીવા પ્રગટાવવામાં આવશે, જ્યારે અગાઉ, તે પંચાવન સુધી મર્યાદિત હતા. દીવાઓને એકસમાન હરોળમાં ગોઠવવા માટે બ્લોક-આધારિત લેઆઉટ અપનાવવામાં આવે છે,



અને ચિહ્નિત કરવાનું કાર્ય ત્રણથી ચાર દિવસમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ૩૦ લાખ દીવાઓ ખેતરમાં ઢગલા કરવામાં આવતા નથી; તેમને તબક્કાવાર, પંક્તિ દ્વારા પંક્તિ, એવી રીતે મૂકવામાં આવે છે કે તેઓ સાંજના સમયે પ્રકાશની સતત રેખા બનાવે છે. આ ભૂમિતિ, સંકલન અને સમય વ્યવસ્થાપનની પ્રથા છે.

આ સમગ્ર ઘટનામાં દૂરંદેશીનું એક મજબૂત તત્વ છે. લક્ષ્ય ૩૦ લાખ દીવાઓનું છે, પરંતુ પરિવહન દરમિયાન તૂટેલા દીવાઓને વળતર આપવા માટે ૩૩ લાખ દીવાઓનો આદેશ આપવામાં આવ્યો છે. આ એક એવું વિઝન છે જે કટોકટી આવે તે પહેલાં જ તેનું ધ્યાન રાખે છે, તે પછી નહીં. રામરાજ્યનો એક સિદ્ધાંત એ છે કે શ્રેષ્ઠ સરકાર એ છે જે તેના લોકો મુશ્કેલીઓનો સામનો કરે તે પહેલાં જ તેમનું ધ્યાન રાખે છે. સુશાસનની ઓળખ ઘણીવાર આવા અદ્રશ્ય નિર્ણયોમાં છુપાયેલી હોય છે જે કોઈપણ વિક્ષેપને અટકાવે છે. રામરાજ્યનો બીજો માપદંડ ભાગીદારી છે. રામનું રાજ્ય એક એવું રાજ્ય હતું જેમાં નિષાદરાજ, શબરી, વાંદરા અને રીંછ બધા પોતાને ભાગીદાર માનતા હતા. આ જ ભાવના આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. ૩૦ ડિગ્રી કોલેજો, ૪૦ ઇન્ટરમીડિયેટ કોલેજો અને યુનિવર્સિટી કેમ્પસમાંથી આશરે ૩૫,૦૦૦ સ્વયંસેવકોને તૈનાત કરવામાં આવશે. તેમને ઘાટવાર જવાબદારીઓ સોંપવામાં આવશે, તાલીમ આપવામાં આવશે અને ઓળખપત્ર પ્રાપ્ત થશે. યુનિવર્સિટી અને જિલ્લા વહીવટીતંત્ર સંયુક્ત રીતે દીવાઓ, ઘાટ વ્યવસ્થાપન, સ્વયંસેવકો તૈનાત અને સલામતી ધોરણોની વ્યવસ્થા કરી રહ્યા છે. આજે ઘાટ પર દીવા પ્રગટાવનાર વિદ્યાર્થી આ ઉત્સવનો દર્શક નથી, પરંતુ તેનો સર્જક છે. શૈક્ષણિક સંસ્થાઓ, વહીવટ અને સમાજનું આ ત્રિમૂર્તિ દર્શાવે છે કે અહીં શાસન ઉપરથી આદેશ આપતું મશીન નથી, પરંતુ એક સુમેળભર્યું સંગઠક છે, જે બધાને સાથે લઈ જાય છે. નવી પેઢીના હાથમાં દીવા આપીને, તેમને શીખવવું કે સમાજનો પ્રકાશ દરેકના સંયુક્ત પ્રયાસોથી પ્રગટે છે, તે રામરાજ્યનો સૌથી સુંદર પાઠ છે.

વિજય માલ્યા ફ્રોડ નથી : રાઉત

રાઉતે વિજય માલ્યાને દેશભક્ત ગણાવ્યા : કહ્યું કે માલ્યા વિશે ખોટી છાપ ઉભી કરવામાં આવી

નવીદિલ્હી, તા. ૩૦

શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય રાઉતનું નવું પુસ્તક, ''બોધ કીર્તન'', ઠાકરે બંધુઓની હાજરીમાં આવતીકાલે પ્રકાશિત થશે. આ પુસ્તકમાં રાઉતે પોતાના અંગત અનુભવો, વિવિધ લોકો સાથેની મુલાકાતો અને તેમણે વાંચેલા લેખો પર આધારિત વિચારોનો સમાવેશ કર્યો છે. પુસ્તકના અંશોના પ્રકાશનથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. પુસ્તકમાં સંજય રાઉત ઉદ્યોગપતિ વિજય માલ્યા પર પોતાના વિચારો વ્યક્ત કરે છે. રાઉતના મતે, તેઓ માલ્યાને વ્યક્તિગત રીતે ઓળખતા હતા. બંને ઘણીવાર સંસદ અને સેન્ટ્રલ હોલમાં સાથે બેઠા હતા. તેમણે માલ્યાને મૈત્રીપૂર્ણ, ખુશખુશાલ અને પ્રભાવશાળી વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા. રાઉત માને છે કે લોકોએ માલ્યાની ભવ્ય જીવનશૈલીને ગેરસમજ કરી છે. તેમનું માનવું છે કે આ જીવનશૈલી તેમના વ્યવસાયિક



વ્યવહારનો ભાગ હોઈ શકે છે. માલ્યાને દેશભક્ત, ઉદાર અને પ્રામાણિક વ્યક્તિ તરીકે વર્ણવતા, રાઉત લખે છે કે તેમનો ક્યારેય કોઈને છેતરવાનો ઇરાદો નહોતો.

રાઉત માલ્યાને ભાગેડુ તરીકે લેબલ કરવા સાથે પણ અસંમત હતા. તેમનો દલીલ છે કે જ્યારે માલ્યાનો વ્યવસાય મુશ્કેલીમાં મુકાયો અને તેમની લોન બાકી રહી ગઈ, ત્યારે બેંકોએ તેમને મદદ કરવી જોઈતી હતી. રાઉત મોદી સરકાર પર છેલ્લા દસ વર્ષમાં ઘણા ઉદ્યોગપતિઓને લોન રાહત આપવાનો આરોપ લગાવે છે, જ્યારે માલ્યાને થોડી રાહત મળી શકી હોત. તેમના મતે, સંજોગોએ માલ્યાને દેશ છોડવાની ફરજ પાડી હતી. આ આધારે, રાઉત તેમને છેતરપિંડી માનવાનો ઇનકાર કરે છે. સંજય રાઉતે તેમના પુસ્તક ''દીપસ્તંભ'' માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણોનો પણ ઉલ્લેખ કર્યો છે. તેઓ લખે છે કે જ્યારે તેમને વડા પ્રધાનના રાજકીય ભાષણો ખાસ પ્રભાવશાળી કે અર્થપૂર્ણ નથી લાગતા, તેમના બિન-રાજકીય ભાષણો ખૂબ સારા છે.

રાઉતે ખાસ કરીને અયોધ્યા દીપોત્સવ દરમિયાન ભગવાન રામ પર વડા પ્રધાન મોદીના ભાષણની પ્રશંસા કરી. તેમણે તેને શબ્દોના ભાવનાત્મક ઉત્સવ તરીકે વર્ણવ્યું. રાઉતના મતે, ભગવાન રામના આદર્શો દરેક ભારતીય માટે દીપક જેવા, માર્ગદર્શક પ્રકાશ જેવા છે. એક તરફ, વિજય માલ્યા વિશે રાઉતની ટિપ્પણીઓ અને બીજી તરફ, વડા પ્રધાન મોદીના બિન-રાજકીય ભાષણો માટે તેમની પ્રશંસાએ તેમના નવા પુસ્તક, ''બોધ કીર્તન'' ને તેના પ્રકાશન પહેલાં જ ચર્ચામાં લાવી દીધું છે. સંજય રાઉતનું નવું પુસ્તક, ''બોધ કીર્તન'', રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયું છે. રાઉતે વિજય માલ્યાને દેશભક્ત ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે માલ્યા વિશે ખોટી છાપ ઉભી કરવામાં આવી છે.

એક પણ બેઠક જીતી નથી, છતાં કરોડોનું ભંડોળ

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અહેવાલમાં ૧,૩૦૦ થી વધુ પક્ષોને મળેલા દાનોનો હિસાબ હજુ પણ નથી

નવીદિલ્હી, તા. ૩૦

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) ના નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અહેવાલમાં રાજકીય પક્ષોના ભંડોળ અને પારદર્શિતા અંગે અનેક પ્રશ્નો ઉભા થયા છે. અહેવાલ મુજબ, દેશમાં નોંધાયેલા લગભગ ૬૫% બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો (RUPPs) ના નાણાકીય અહેવાલો જાહેરમાં ઉપલબ્ધ નથી. આનો અર્થ એ છે કે આ પક્ષોને મળેલા દાનની વિગતો, તેમની આવક અને તેઓ પૈસા ક્યાં ખર્ચ કરે છે તેની વિગતો જાહેરમાં ઉપલબ્ધ નથી. બીજી તરફ, ચૂંટણીમાં કોઈ પણ બેઠક ન જીતનારા કેટલાક પક્ષોએ કરોડો રૂપિયાના દાનનો પણ દાવો કર્યો છે. ADR અનુસાર, સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં, ચૂંટણી પંચની યાદીમાં આશરે ૨,૦૭૪ નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો હતા. આમાંથી, ૧,૩૩૦ પક્ષો માટે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના ઓડિટ અહેવાલો અને દાન અહેવાલો રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓની વેબસાઇટ પર ઉપલબ્ધ નહોતા. આનો અર્થ એ છે કે લગભગ ૬૫% પક્ષોની નાણાકીય માહિતી લોકો માટે અપ્રાપ્ય છે. આ બે અહેવાલોમાંથી ફક્ત ૭૩૪ પક્ષોએ ઓછામાં ઓછો એક અહેવાલ રજૂ કર્યો હતો. આમાંથી, ફક્ત ૪૬૧ પક્ષો પાસે ઓડિટ અને દાન બંને અહેવાલો જાહેરમાં ઉપલબ્ધ હતા. બાકીના ૨૭૩ પક્ષો માટે, બે અહેવાલોમાંથી ફક્ત એક જ ઉપલબ્ધ હતો.

રાજ્યના ડેટા પર નજર કરીએ તો, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૫૩૦ નોંધાયેલા બિનમાન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષો છે. આમાંથી ૩૦૪ માટે નાણાકીય અહેવાલો ઉપલબ્ધ નહોતા. અહેવાલના વિશ્લેષણમાં એ પણ બહાર આવ્યું છે કે ઉત્તરાખંડ, પુડુચેરી, સિક્કિમ, આંદામાન અને નિકોબાર, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, મેઘાલય, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશ માટે અહેવાલો ઉપલબ્ધ નહોતા. અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં સૌથી વધુ દાન જાહેર



કરનાર ૧૫ પક્ષોએ કુલ ₹૨૦,૦૦૦ થી વધુના યોગદાનમાં ₹૧,૦૬૪ કરોડથી વધુનો અહેવાલ આપ્યો હતો. આ ૧૫ પક્ષોની કુલ જાહેર કરેલી આવક ₹૯૭૩.૯૩ કરોડ હતી. આમાંથી, ગુજરાતની ન્યૂ ઇન્ડિયા યુનાઇટેડ પાર્ટીએ સૌથી વધુ ₹૭૭૦.૯૯ કરોડનું દાન જાહેર કર્યું. તેની કુલ આવક લગભગ ₹૨૯૧.૬૪ કરોડ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ, સ્વતંત્ર અભિવ્યક્તિ પાર્ટીએ ₹૨૨૮.૮૧ કરોડનું દાન જાહેર કર્યું, અને રાજસ્થાનની ભારતીય ગરીબ વિકાસ કલ્યાણ પાર્ટીએ ₹૧૭૦.૦૪ કરોડનું દાન જાહેર કર્યું.

આ આંકડાઓને ધ્યાનમાં લેતા, ચૂંટણી પ્રદર્શન એક અલગ ચિત્ર રજૂ કરે છે. ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં ન્યુ ઇન્ડિયા યુનાઇટેડ પાર્ટીએ બે બેઠકો પર ચૂંટણી લડી હતી અને કુલ ૧,૪૨૬ મત મેળવ્યા હતા. સ્વતંત્ર અભિવ્યક્તિ પાર્ટીએ ચાર બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૧૨,૭૪૧ મત મેળવ્યા હતા. દરમિયાન, ભારતીય ગરીબ વિકાસ કલ્યાણ પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં એક બેઠક પર ઉમેદવાર ઉતાર્યો હતો, જેને ૧,૩૪૭ મત મળ્યા હતા. બિહારમાં પ્રશાંત કિશોરની જન સૂરજ પાર્ટીના આંકડા પણ સમાચારમાં છે. અઉછ અનુસાર, પાર્ટીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કુલ ₹૧૦૧.૩૨ કરોડની આવક જાહેર કરી હતી, જેમાંથી ₹૯૯.૪૦ કરોડ દાનમાંથી પ્રાપ્ત થયા હતા. આ સમયગાળા દરમિયાન પાર્ટીનો કુલ ખર્ચ ₹૯.૨૦ કરોડ હતો. જન સૂરજને સૌથી મોટો દાતા વેદાસ વેન્ચર્સ છે. આ કંપનીએ ૮૫ અલગ-અલગ વ્યવહારો દ્વારા પાર્ટીને ₹૮૫ કરોડ આપ્યા. પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે પણ ૧૦ વ્યવહારોમાં ₹૧૦ કરોડનું વ્યક્તિગત યોગદાન આપ્યું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

પ્રાસંગિક

સ્વસ્તિક એ દશે દિશામાં શુભને વિસ્તારવા માટે દોરાતું ચિન્હ છે



ગઈકાલે પૂજ્ય બાપુ દર્શનનો યોગ થયો, એ સ્વસ્તિક યાત્રા ની કથા કરીને આવ્યાં હતાં, કથામાં તો જવાતું નથી, પણ દર્શન કરી આવું એટલે વળી બેટરી ચાર્જ થઈ જાય અને કર્તવ્ય કર્મ કરતાં કરતાં ભક્તિમાં રસ આવે. આપણે ત્યાં સ્વસ્તિકનું ચિન્હ ખૂબ પવિત્ર માનવામાં આવે છે, અને એ દશેય દિશામાં શુભનો વિસ્તાર કર છે એવી એક માન્યતા પણ ખરી. શુભ એટલે જેમાં આપણા એકલાનું નહીં પણ, સર્વનો લાભ સમાયેલો હોય એને શુભ કહેવાય છે.તો આપણે પણ આ દિવાળીએ માત્ર આપણું નહીં, સર્વનું હિત વિચારીને આ પ્રણાલીને નિભાવીશું.

ભારતીય પરંપરામાં સ્વસ્તિક એટલે કે સાથિયો શુભનાં પ્રતીક તરીકે માનવામાં આવે છે, અને લગભગ દરેક હિંદુનાં ઘરમાં સાથીયાનુ સ્થાન છે. એમાં પણ ઉંબર પૂજામાં મધ્યમાં સ્વસ્તિક દોરવામાં આવે છે, અને આજુબાજુ બે લક્ષ્મીના પગલા દર્શાવવામાં આવે છે, જે અમારા નાગર પરિવારમાં લગભગ દરેક સ્ત્રી આ પરંપરા નિભાવતી જોવા મળે છે, પરંતુ હવે તો ઘરમાંથી ઉંબર જ નીકળી ગયાં! હકીકતમાં અનીતિને રોકવા ઉંબરની રચના કરવામાં આવી હતી,ખેર છોડો. સ્વસ્તિક મુખ્યત્વે શુભ અને કલ્યાણકારી ભાવનાનું પ્રતિક છે, તેમાં ઊભા સ્થંભ તારીખે જે લીટી દોરવામાં આવે છે તે જ્યોતિર્લિંગનું પ્રતીક માનવામાં આવે છે, અને આડી લીટી વિષ્ણુ છે, આ ઉપરાંત ચાર બાજુઓને વિષ્ણુના ચાર હાથ તરીકે પણ જોવામાં આવે છે. કોઈ વાર કોઈ જગ્યાએ સ્વસ્તિકને ગણેશનાં પ્રતિક સ્વરૂપે પણ ગણવામાં આવે છે, કારણ કે ગણેશને મંગલતાનુ ખુદ શિવ દ્વારા વરદાન આપવામાં આવ્યું હતું. પરંતુ ચારેય દિશામાં વિષ્ણુ અને આપણે ત્યાં વિષ્ણુને અનંત પણ કહેવામાં આવે છે. એટલે કે આડી ઉભી બધી જ રીતે દશે દિશાઓમાં જે અન્યનાં પોષણનું વિચારે એવા કલ્યાણકારી ભાવને મધ્યસ્થ રાખવામાં આવે તો બધું જ શુભ છે, એટલે કે પોષણ કરતાં ભાવ મધ્યસ્થ અને વિસ્તૃત હોવો જોઈએ. સ્વસ્તિક આપણે ત્યાં લાલ કુમકુમ કે સિંદૂરથી કરવામાં આવે છે, અને લાલ રંગ આપણે ત્યાં પ્રેમનો સ્વીકારવામાં આવ્યો છે. સિંદૂર આપણે ત્યાં સુહાગન સ્ત્રીઓ પોતાની સેંથીમાં પૂરે છે, એટલે કે સમર્પણનાં પ્રતીક તરીકે સિંદૂરને સ્વીકારવામાં આવ્યું છે, તો પ્રેમ અને સમર્પણથી પરિવારનાં પોષણનું વિચારીને સ્ત્રી સતત જીવે છે, એનેજ આ શુભનાં દર્શન થઈ શકે. અથવા તો એની માટે જે બધું થાય છે તે શુભ છે, એવું સ્વીકારવું કે તેવો વિશ્વાસ કરવો એ સહેલું બને છે. આવા મંગલને કલ્યાણકારી વિચારોથી આ પ્રતીક સદીઓથી આપણે ત્યાં પરંપરાગત રીતે ઉંબર પૂજામાં તેને દોરી અને ઘરની સ્ત્રી સર્વનાં કલ્યાણની ભાવના મધ્યસ્થ રાખી, જીવવાનો સંકલ્પ કરે છે, એવું પણ કહી શકાય.

અહીં ઘટતી દરેક ઘટના શુભ છે, પરંતુ માનવી પોતાની બુદ્ધિનાં તણખલાથી ઘટનાઓને પોતાની રીતે ચીતરે છે, અને એમાં જ જીવન ડહોળાઈ જાય છે. આપણે ત્યાં કોઈના લગ્ન હોય તો એને શુભ ઘડી તરીકે માનવામાં આવે છે, કોઈ ઘરનું વાસ્તુ પૂજન હોય તો એને શુભ ઘડી કહેવામાં આવે છે, જનોઈ હોય તો એને શુભ કહેવામાં આવે છે, અન્ય કોઈ લગ્ન તિથિ કે જન્મદિન હોય તો એને શુભ કહેવામાં આવે છે, કે પછી અન્ય સિદ્ધિ સફળતાને પણ શુભ કહી શકાય છે. પરંતુ મૃત્યુને આપણે ત્યાં શુભ કહેવામાં આવતું નથી, એના વિશે સૂક્ષ્મ ચિંતન કરતા એક સ્પષ્ટ તારણ નીકળે છે કે, આ બધી જ ઘટનાઓ માનવીને સતત ભોગમાં પ્રવૃત્ત રાખે છે! શું એટલે એને શુભ માનવામાં આવે છે? નાં, હકીકતમાં એ તેનો મુખ્ય હેતુ હતો નહીં. એટલે કે લગ્ન એ માત્ર બે વ્યક્તિના નહીં પણ પરિવારનાં મિલનનીની વાત છે, અને એ રીતે અંદરોઅંદર પ્રેમની ભાવના નાં ગુણાકારથી સમાજમાં વધુને વધુ દ્રઢ બને, એટલે તેને શુભ માનવામાં આવે છે. આ ઉપરાત આ દંપતી પોતાના મૂળ ભાવ એટલે કે પ્રેમનો વંશ વધે એવી સંતતિ દ્વારા સમાજમાં આ ભાવના વધુ દ્રઢ થશે, એટલે તે ઘડી શુભ. વાસ્તુપૂજનમાં પણ આવા જ કંઇક અર્થ જોયાં, એટલે કે મુખ્યત્વે હૃદયનાં સંબંધોમાં પ્રેમનું મહત્વ વધે, એ ઘડીને શુભ ઘડી કહેવામાં આવી છે. જનોઈ એટલે કે યજ્ઞોપવિત નામનાં પવિત્ર સંસ્કાર મુજબ યુવકે સંસારમાં રહીને સંન્યાસ જેવું સંયમી જીવન જીવવાનું હોય તો શુભ તત્વ પ્રાપ્ત થાય. પણ મૃત્યુને શુભ તરીકે સ્વીકારવામાં આવતું નથી, હકીકતમાં. આધિ વ્યાધિ ઉપાધિથી મુક્ત કરનારી આ ઘટના સૌથી વધુ શુભ છે. આ ઉપરાંત દિવ્ય ચેતના ચૈતન્યમાં ભળી જવાની છે,એ રીતે પણ એ શુભ છે,અને શરીર રુપે રહેલા પંચમહાભૂત તત્વ પણ પ્રકૃતિના પંચમહાભૂતમાં વિલિન થઈ જાય છે, એટલે કે નિર્વાણ પણ શુભ છે. મૃત્યુ એ શાશ્વત સત્ય છે, અને એ સત્યને સ્વીકારમાં શુભ સમાયુ છે, એ જ્યારે આપણી દૃષ્ટિને દેખાય, ત્યારે બધી જ ઘટના શુભ માટે ઘટી રહી છે, અથવા અહીં જે કંઈ થઈ રહ્યું છે એ સર્વનાં કલ્યાણ માટે જ થઇ રહ્યું છે, આપણી દ્રષ્ટિના વિકાર કે મર્યાદા આ સત્ય આપણને જોવા દેતી નથી.

શુભ અને અશુભનો ફેસલો માનવી જ્યાં સુધી પોતાને હસ્તક રાખશે, ત્યાં સુધી તેને આ સમસ્યા નડશે. હવે દાખલા તરીકે કોઈ પરિવારમાં કોઈ સ્વજનનું મૃત્યુ થયું, દેખીતી રીતે એ ઘટનામાંથી શુભ કેમ તારવી શકાય! કોઈ પરિવારમાં જુવાન દીકરો એક્સિડન્ટમાં મૃત્યુ પામે, તો એ ઘટનામાંથી શુભ કેમ તારવી શકાય? અથવા તો આજકાલ આધુનિકતાને નામે પરિવારનાં સદસ્યો અંદરોઅંદર વ્યવહારમાં પણ રાગ દ્વેષ અને વેરભાવ વધારતાં જાય છે, ઘર પરિવારમાં પણ ષડયંત્રો રચાય છે. જોકે આ તો કંઈ નવી વાત નથી સદીઓથી ચાલ્યું આવે છે, પણ એમાંથી આપણી સામે સત્ય અને શુભ થયું એ પરિણામ દેખાય છે. જેમકે રામાયણમાં રામ ને ગાદી? કે ભારતને ગાદી? એ નિર્ણય કરવામાં કૈકેયી એ ભરત માટે રાજગાદી માંગી, માતા કૌશલ્યા આમાં કઈ રીતે શુભ શોધી શકે! કે શુભ કઈ રીતે જોઈ શકે! પરંતુ જો આ ઘટના ન ઘટી હોત તો રાવણનું મૃત્યુ કઈ રીતે થાત! એટલે કે અધર્મના નાશ માટે પણ ક્યારેક આવી ઘટના અસ્તિત્વ તરફથી ઘટતી હોય છે, અને અંતે એ શુભ સાબિત થાય છે. એવી જ રીતે મહાભારતમાં પણ આવી ઘટના ઘટી હતી, કૌરવ-પાંડવ પણ પરિવાર જ હતાં, છતાં કુરુક્ષેત્રનું યુદ્ધ થયું, અને એના પરિણામે આપણને ભગવત ગીતા જેવો સદગ્રંથ પ્રાપ્ત થયો, અને જાહેરમાં એક સ્ત્રીનાં વસ્ત્ર ઉતારી શકે, એવા દુર્યોધન રૂપે અતિ વિકારી અધર્મનો નાશ થયો. શુભ તો આ રીતે જ તારવી શકાય. એ સમયે કૌશલ્યા એ વાતનો વિરોધ દર્શાવ્યો હોત તો આ ઘટના ના ઘટે, એ જ રીતે અર્જુને હથિયાર ન ઉઠાવ્યું હોત, તો અધર્મનો નાશ ન થાત. એટલે કાળ સમાપ્તિ સુધી તો આપણી દૃષ્ટિ લંબાઈ ન શકે, અને આ સત્ય આપણને દેખાય નહીં. પરંતુ સત્ય હંમેશા શુભ હોય છે, અને શુભ હંમેશા સત્ય હોય છે, અને તે પ્રકાશિત થઇ ને જ રહે છે. સાથે સાથે સમયની આવનારી પ્રત્યે ઘડી આપણા માટે એક શુભ કે કલ્યાણકારી ભાવ વધુ ને વધુ દ્રઢ કરવાના પાઠ રૂપે કે જીવનમાં પરીક્ષા રૂપે આવી રહી છે, અને એમાંથી આપણે મંગલ ભાવના કે સૌ પ્રત્યે કલ્યાણની ભાવના હૃદયમાં રાખી, સાંગોપાંગ પાર ઉતરવાનું છે. જો આપણે એ કરી શકીએ, તો અહીં બધું જ શુભ છે. પરંતુ સતત હૃદયમાં શુભ કે કલ્યાણનો ભાવ હવે નથી રહેતો. કારણ કે એને અન્ય સાથે કંઈ જ વહેંચવુ નથી, સિવાય કે ફોરવર્ડના મેસેજ!!જેને માત્ર સક્રદન કહેવડાવવું છે. માનવીય માનસમાં જડમૂળથી જ્યાં સુધી ફેરફાર નહીં થાય, અને આવાં ઉપરછલ્લા આડંબરમાં માનવી રચ્યો રહેશે, ત્યાં સુધી તે અન્યનું શુભ કે કલ્યાણ ઈચ્છે નહીં. આપણે આપણા જીવનમાં ઘટતી ઘટનાઓમા તટસ્થ રહી, શુભ છે કે અશુભ એ અસ્તિત્વ પર છોડી દઈએ, તો જ શુભનો અર્થ સરે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

વધુ છ પરિવારોના સ્વજનોએ અલગ અલગ કારણોસર અંતિમશ્વાસ લીધા

આધેડને તાવ ભરખી ગયોઃ બેભાન યુવાનનો જીવ ગયો

તાવથી સ્વજનને ગુમાવતાં મવડી રાજદીપ સોસાયટીના પરિવારમાં શોકઃ પીએસઆઈની પરિક્ષામાં નાપાસ થયા બાદ યુવાન હોટેલમાં ઉતર્યો હતો
અન્ય બે ઘટનામાં વૃધ્ધા અને પ્રૌઢના બેભાન હાલતમાં મૃત્યુ : પાંચમા અને છઠ્ઠા બનાવમાં એક પ્રૌઢ તથા એક કેદીના બેભાન હાલતમાં મૃત્યુ

રાજકોટ, તા. ૩૦

અપમૃત્યુના અલગ અલગ છ બનાવો બન્યા હતાં. જેમાં એક પરિવારના સદસ્યને તાવ ભરખી ગયો હતો. તો એક યુવાન હોટેલના રૂમમાંથી બેભાન મળ્યા બાદ જીવ ગયો હતો. આ યુવાને તાજેતરમાં પીએસઆઈની પરિક્ષા આપી હતી. પણ નાપાસ થયો હતો. ત્રીજા બનાવમાં બેભાન હાલતમાં એક વૃધ્ધાનું મૃત્યુ થયું હતું. તેમજ ચોથા બનાવમાં એક પ્રૌઢનો પણ બેભાન હાલતમાં જીવ ગયો હતો. અન્ય બે બનાવમાં બેભાન હમાલતમાં એક પ્રૌઢ અને એક કેદીના જીવ ગયા

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રોગચાળા વચ્ચે એક પરિવારના સદસ્યને તાવ ભરખી જતાં અરેરાટી વ્યાપીગઇ હતી. મવડી વિસ્તારના એક આધેડનું મોત થયું છે. ૪૦ ફુટ રોડ પર રહેતાં આ યુવાનને અઠવાડીયાથી તાવ આવતો હોઇ સારવાર ચાલુ હતી. એકાએક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. મવડી ૪૦ ફુટ રોડ પર આવેલી ન્યુ રાજદિપ સોસાયટીમાં રહેતાં જીગ્નેશભાઇ ધીરજલાલ રાખશીયા નામના અડતાલીસ વર્ષના આધેડ રાતે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર જીગ્નેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં અને સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતાં હતાં. સગાના કહેવા મુજબ સોતક દિવસથી તેમને તાવ આવતો હોઇ દવા ચાલુ હતી. રાતે એકાએક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. બનાવથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે મૃત્યુનુ ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો શહેરના કાલાવડ રોડ પર જડુસ ફૂડ ફિલ્ડ રેસ્ટોરન્ટ નજીક આવેલી હોટેલમાંથી અગીયાર દિવસ પહેલા બેભાન હાલતમાં મળેલા મુળ તાલાલા પંથકના યુવાનને સારવાર માટે દાખલ કરાયેલ. જેનું મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. મોતનું કારણ જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

પોલીસ સુત્રોએ જણાવ્યા અુનસાર મુળ તાલાલા પંથકનો વતની ત્રીસ વર્ષના પરેશભાઇ ભગવાનભાઇ સોલંકી ગત ઓગણીસમી ઓક્ટોબરના રોજ કાલાવડ રોડ જડુસ રેસ્ટોરન્ટ



નજીક આવેલી નોવા સાઇન હોટેલના રૂમમાંથી બેભાન હાલતમાં મળી આવતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. જે તે વખતે તાલુકા પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી તેના સગા સંબંધીને જાણ કરાઇ હતી.

સારવાર દરમિયાન પરેશભાઇનું ગત મોડી રાતે મૃત્યુ થતાં એએસઆઇ નિલેષભાઇ ચાવડાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર પરેશભાઇ સોલંકી બે ભાઇમાં નાનો હતો. તેના મોટા ભાઇ શિક્ષક છે. પરેશભાઇએ તાજેતરમાં પીએસઆઇની પરિક્ષા આપી હતી. પણ તેમાં ઉર્તિણ થયા નહોતાં. બાદમાં તે ઘરેથી નીકળ્યા બાદ ગાંધીનગર ગયેલ, ત્યાંથી રાજકોટ ક્યારે આવી ગયેલ તેની પરિવારજનોને ખબર નહોતી. રૂમમાં તેણે કંઇ પી લેતાં બેભાન થઇ ગયેલ કે અન્ય કારણે? તે બહાર આવ્યું નથી. તબિબે પોસ્ટમોર્ટમ વખતે વિસેરા લઇ પરિક્ષણમાં મોકલ્યા હતાં.

ત્રીજા બનાવમાં જીલ્લા ગાર્ડન નજીક સોરઠીયા પ્લોટમાં રહેતાં મહશેભાઇ જીતુભાઇ સિંધવ નામના પચાસ વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. ભક્તિનગર પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યુ.હતું.

ચોથા બનાવમાં જીવરાજ પાર્ક કસ્તુરી એવીયરી અંબીકા ટાઉનશીપ ખાતે રહેતાં ભારતીબેન દિનેશભાઇ સંચાણીયા નામના બાંસઠ વર્ષના વૃધ્ધા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનારને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેમને કેન્સર લાગુ પડ્યાનું સગાએ જણાવ્યું હતું. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવડાવી તપાસ યથાવત રાખી હતી. આમ ચાર અલગ અલગ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોએ સ્વજનો ગુમાવ્યા હતાં.

પાંચમા બનાવમાં રાજકોટના સરધારના હલેન્ડામાં રહેતાં ભુપતભાઇ બચુભાઇ સિતાપરા નામના પચાસ વર્ષના પ્રૌઢ સવારે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારે છઠ્ઠા બનાવમાં ગોંડલની હરભોલે સોસાયટીમાં રહેતાં હસમુખભાઇ મુળશંકર ધાનજા નામના પ્રૌઢ હાલ ગોંડલના મહિકા ગામે ત્રણ વર્ષ પહેલા થયેલા એક મર્ડરના ગુના સબબ ગોંડલ સબ જેલમાં હોઇ સત્યાવીસમીએ રોજ જેલમાં બિમાર પડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ તેમનું મૃત્યુ થતાં ગોંડલ તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં અને અગાઉ એલઆઇસી એજન્ટ હતાં. સંતાનમાંએક દિકરો અને એક દિકરી છે. પોતે ડ્રાઇવીંગ કામ પણ કરતાં હતાં. પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવતાં હાર્ટએટેક આવી ગયાનું તારણ નીકળ્યું હતું. આમ કુલ છ અપમૃત્યુની ઘટનાઓ બની હતી.

સગીર વયની છોકરીઓ ગૂમ થવાના કિસ્સા અવાર-નવાર બને છે હવે છોકરો ગાયબ

સુરજીત કારખાનેથી રૂમે ગયો પણ ત્યાંથી ભેદી સંજોગોમાં ગાયબ!

અમરનગર વિસ્તારની ઘટનામાં માલવીયાનગર પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો



રાજકોટ તા. ૩૦

શહેરમાંથી અવાર-નવાર સગીર વયની છોકરીઓ ગૂમ થવાના કિસ્સા બનતા રહે છે. આવા બનાવોમાં પોલીસ અપહરણનો ગુનો નોંધી કાર્યવાહી કરતી હોય છે. આ વચ્ચે હવે સગીર વયનો છોકરો ગૂમ થઇ જતાં પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. મવડી પ્લોટના અમરનગરમાં રૂમ રાખીને મોટા ભાઇ સાથે રહેતો મુળ યુપીનો સત્તર વર્ષનો છોકરો ચાર દિવસ પહેલા કારખાને શેઠ સાથે પોતાને વતન જવું છે તેમ કહી રૂમ ખાતે આવ્યા બાદ સાંજે તેનો મોટો ભાઇ કામેથી ઘરે આવ્યો ત્યારે રૂમ ખાતે ન મળતાં અને શોધખોળ કરવા છતાં મળી ન આવતાં પોલીસને જાણ કરી હતી.

વિગતો અનુસાર આ બનાવમાં માલવીયાનગર પોલીસે અમરનગર-૧ ફાયર સ્ટેશન પાસે રહેતાં મુળ યુપીના ખરકા ગામના બાવીસ વર્ષના સુભાષસિંગ ચરણસિંગની ફરિયાદ પરથી અજાણ્યા સામે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સુભાષસિંગ માતા, પિતા સહિતના પરિવાર સાથે રહે છે. ચાર ભાઇ, એક બહેનમાં તે મોટો છે. માતા-પિતા, બહેન સહિતના વતનમાં રહે છે. નાનો ભાઇ જે સત્તર વર્ષનો છે તે તથા અન્ય એક પંદર વર્ષનો ભાઇ રાજકોટમાં તેની સાથે રહે છે. બંને ભાઇઓ દીવ્યજીત ઓપ્ટીકલ નામનાક રખામાં કામ કરે છે. ત્રીજો ભાઇ અન્ય ઠેકાણે કામ કરે છે.

સુભાષસિંગે જણાવ્યું હતું કે તા. ૨૬/૧૦ના રોજ નાનો ભાઇ સુરજીતસિંગ કારખાનામાં કામે જવા સવારે આઠ વાગ્યે નીકળી ગયો હતો. હું સાડા આઠેક વાગ્યે ગયો હતો. એ પછી અમે બંને ભાઇ ત્યાં કામ કરતાં હતાં. ત્યારબાદ પોણા અગીયારેક વાગ્યે શેઠ હીમાંશુભાઇ ચંદારાણાએ મારી પાસે આવીને કહેલું કે તારા ભાઇ સુરજીતનો ફોન આવ્યો હતો અને તે વતનમાં જાય છે, જેથી મેં તને કહેલુ કે દિવાળીનો સમય છે તમે લોકો જવાના જ છો તો ત્યારે સાથે જજો તેમ સમજાવતાં તેણે વતનમાં જાવુ જ પડશે તેમ કહેતાં મેં તેને સમજાવી શાંત પાડ્યો હતો.

શેઠે વધુમાં કહ્યું કે તારો ભાઇ ન સમજતાં બાદમાં હું તારા ભાઇને તમારા રૂમે મુકી આવ્યો છું. શેઠે આ રીતે વાત કરતાં હું મારા કામે વળગી ગયો હતો. બાદમાં સાંજે હું ઘરે ગયો ત્યારે મારો ભાઇ ત્યાં હાજર નહોતો. જેથી મેં મારી રીતે તપાસ કરી હતી. અમારા વતનમાં પણ તપાસ કરી હતી. પરંતુ તે ત્યાં પહોંચ્યો નહિ હોવાનું જણાયું હતું. સુરજીત શરીરે મધ્યમ બાંધાનો અને ઘઉવર્ણો છે. તેના જમણા હાથમાં અંગ્રેજીમાં સુરજીત ત્રોફાવેલુ છે. તે ક્યાંય મળી ન આવતાં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં સુભાષસિંગે કહેતાં ઇન્સપેકટર જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં પીએસઆઇ સી. પી. રાઠોડે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

રાજકોટથી ઉપલેટા માતાજીના મઢે દર્શને ગયેલા યુવાન પર હુમલો થયો

આ જગ્યા તમારા બાપની નથી, નીકળી જાવ કહી કુટુંબી તૂટી પડ્યા

રાજકોટ તા. ૩૦

રાજકોટથી ઉપલેટા કુટુંબીજનો સાથે માતાજીના મઢે દર્શન કરવા ગયેલા યુવાન સહિતને ત્રણ શખ્સોએ પાઇપ, લાકડી વડે હુમલો કરી ધમકી આપતા ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ છે. આ હુમલામાં યુવાન, તેનાં કાકા સહિત ત્રણને ઇજા થઇ હતી. ઉપલેટા પોલીસે આ મામલે રાજકોટના રૈયાધારમાં રાણીમાં રૂડીમાં ચોકમાં રહેતા રાહુલ ભરતભાઇ ચાવડાની ફરિયાદ પરથી ઉપલેટાના જયેશ જગુભાઇ મોરી, તેના ભાઇ ઉકા અને રસીક દેવશીભાઇ મોરી સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર રૈયાધારમાં રાણીમા રૂડીમાં ચોકમાં રહેતો મુળ ઉપલેટાનો રાહુલ ભરતભાઇ ચાવડાએ ફરિયાદમાં જણાવ્યું કે, તે ગઇ એકવીસમીના રોજ રાજકોટથી કુટુંબીજનો કરણ ચાવડા, ભાવેશ ચાવડા, કિશોર ચાવડા, ધર્મેશ ચાવડા સહિતના સાથે ઉપલેટાનાં ખાખી જાળીયા રોડ પર રઘુવંશી સોસાયટીની સામે આવેલા કુળદેવી માતાજીના મંદિરે દર્શન કરવા ગયો હતો.

દર્શન કરવા ગયા બાદ મંદિર પાસે આવેલા વડીલોના પ્લોટ જોવા ગયા હતા. આ સમયે ઉપલેટા રહેતો આરોપી જયેશ જગુભાઇ મોરી, તેના ભાઇ ઉકા મોરી અને રસીક દેવશીભાઇ મોરી પાઇપ અને લાકડી સાથે ધસી આવી 'આ જગ્યા તમારા બાપની નથી, અહીંથી નિકળી જાવ' તેમ કહેતા તેને 'આ જગ્યા અમારા વડિલોની છે' તેમ જવાબ આપતા ઉશ્કેરાઇ ગયેલા આરોપીઓએ તેને ગાળો દઇ લાકડી, પાઇપ વડે હુમલો કરતાં તેને, તેના કાકા કરણભાઇ, ભાવેશભાઇને ઇજા થઇ હતી. લોકો એકઠા થઇ જતા ત્રણેય ત્યાંથી જતા રહ્યા હતા. જયારે જતા જતા 'આજે તો તમને જીવતા જવા દઇએ છીએ, બીજી વખત અહીંયા આવશે તો જાનથી મારી નાખીશું' તેમ કહી ધમકી આપી હતી. આ હુમલામાં ઇજાગ્રસ્તોને હોસ્પિટલે ખસેડયા હતા. ઉપલેટા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ઉછીના રૂપિયા લેતી-દેતીમાં છરીના ઘા ઝીંકાયા

કેવડાવાડીના કારખાનેદારે નોંધાવી સંબંધી વિરૂધ્ધ એફઆઇઆર



રાજકોટ તા. ૩૦

મારામારીના વધુ એક બનાવમાં કારખાનેદારને છરી ઝીંકી દેવામાં આવી હતી. દાગીના છોડાવવા પૈસા આપવાની ના પાડતાં આ માથાકુટ થઇ હતી. કેવડાવાડી મેઇન રોડ પર ભત્રીજાએ હાથ ઉછીના દોઢ લાખ આપવાની ના પાડતા કારખાનેદાર કાકાને તેના સંબંધીએ ઝઘડો કરી છરીનો ઘા ઝીંકી દેતા ભકિતનગર પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થઇ હતી.

વિગતો જોઇએ તો કેવડાવાડી શેરી નં. ૧૬/૫ ના ખુલો રહેતા અને આજી વસાહતમાં ૮૦ ફૂટ રોડ પર સ્ટીલ કટીંગનું કારખાનુ ધરાવતાં અઠાવન વર્ષના લલીતભાઇ ભૂપતભાઇ રામાણીએ આ મામલે અશોક તુલશીભાઇ રામાણી સામે ભકિતનગર પોલીસમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું કે, ગઇકાલે રાત્રે તેને તેના ભત્રીજા દક્ષ પ્રવિણભાઇ રામાણીએ કોલ કરી વાત કરી હતી કે, આજથી સાતેક દિવસ અગાઉ મારા કાકા અશોક રામાણીના દિકરા યાજ્ઞિકના પત્ની નિકિતાબેને ફોન કરી અમારા દાગીના ગીરવે મુકેલ છે.

તે છોડાવવા માટે મારે દોઢ લાખની જરૂરીયાત હોવાથી તમે મને હાથ ઉછીના આપો, તેમ કહેતા તેને રૂપિયા આપવાની ના પાડી હતી. જે વાતનું અશોકને મનમાં લાગી આવતા ફોનમાં ગાળાગાળી કરતાં ફોન કાપી નાખેલ છે.આ વાત સાંભળી તેણે ભત્રીજા દક્ષને તું આ અશોકનો ફોન ઉપાડતો નહી, આપણે દિવાળી બગાડવી નથી. કહી ફોન મુકી દીધો હતો. જે પછી તે ઘર બહાર બેઠા હતા ત્યારે થોડીવાર બાદ ત્યાં ઘસી આવેલા અશોકે ઝઘડો કરી ગાળા-ગાળી કરી હું દક્ષને જોઇ લઇશ કહી ઝપાઝપી કરી હતી. બાદમાં તેના પેન્ટના નેફામાંથી છરી કાઢી જમણા પડખાના ભાગે ઘા મારી ઇજા કરી ભાગી ગયો હતો. બીજી તરફ હુમલામાં તેને ઇજા થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પોલીસે આરોપી સામે કાર્યવાહી કરી હતી.

વેંચવાવાળા કમાઇ લેવા, પીવા વાળા આગોતરા આયોજન માટે દોડધામમાં પડ્યા

પોલીસ નથી ઇચ્છતી કોઇ પીવે કે વેંચેઃ ૭ ઝડપાયા

દિવાળી નજીક આવતાં જ નવા જુના ધંધાર્થીઓમાં ગમે તેમ કરીને માલ ભેગો કરી પ્યાસીઓ સુધી પહોંચાડવાની હોડઃ પોલીસ પણ તેને પકડી લેવા સતત પાડી રહી છે દરોડા

રાજકોટ તા. ૩૦

શહેરમાં તહેવાર નજીક આવતાં જ છુટક જથ્થાબંધ દારૂના ધંધાર્થીઓ, સપ્લાયરો અને પ્યાસીઓમાં દોડધામ મચી ગઇ છે. વેંચવાવાળા કમાઇ લેવા માટે અને પીવાવાળા આગોતરી વ્યવસ્થા કરવા માટે હડીયાપટ્ટી કરી રહ્યા છે. આ વચ્ચે પોલીસની કામગીરી વધીગઇ છે. દારૂબંધી હોવાથી પોલીસ ઇચ્છતી નથી કે કોઇ દારૂ વેંચે કે પીવે. આથી રોજબરોજ દરોડા પાડવામાં આવી રહ્યા છે. જો કે આમ છતાં વેંચવાવાળા અને પીવાવાળા પોતાની રીતે ગોઠવણ કરી જ લેતાં હોય છે. વધુ સાત દરોડામાં પોલીસે સાત શખ્સોને દારૂ સાથે પકડી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો દિવાળીના તહેવારનું કાઉન્ડાઉન શરૂ થઇ ચૂકયુ છે ત્યારે કમાઇ લેવા દારૂના ધંધાર્થીઓ મેદાનમાં આવી ગયા છે તો આગોતરી વ્યવસ્થા કરી લેવા પ્યાસીઓ થનગની રહયા છે. આ વચ્ચે પોલીસ પણ દારૂની રેલમછેલ અટકાવવા કમર કસી રહી છે રેલ્વે સ્ટેશનથી લઇ શેરીઓ સુધીમાં પોલીસે સાત સ્થળે દરોડા પાડી ટ્રેન એટેન્ડન્ટ સહિત સાત શખ્સોને વ્હીસ્કી, વોડકાની અલગ-અલગ રાજયના માર્કા સાથેની સામાન્ય ચપલાથી લઇ મોંઘીદાટ બોટલો સાથે ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

વધુ માહિતી અનુસાર રેલ્વે પોલીસનાં પીઆઇ એચ.એમ. રાણાની રાહબારીમાં કોન્સ. દેવેન્દ્રભાઇ રામભાઇ અને સાગરભાઇ સહિતના સ્ટાફે રેલ્વે સ્ટેશન પર પ્લેટફોર્મ નં.૩ ઉપર એસ્કેલેટર સીડી પાસેથી બાતમીના આકારે ટ્રેન એટેન્ડન્ટ પ્રશાત અનિલભાઇ જેઠવા (ઇન્દીરા સોસાયટી, નવાગામ ઘેડ, જામનગર)ને ગોવાના માર્કા સાથેના રૂા.૧૬૮૦ ની કિંમતના વોડકાના ૪ કવાર્ટર સાથે પકડી લઇ કાર્યવાહી કરી હતી. બીજા દરોડામાં ક્રાઇમ બ્રાંચના એએસઆઇ મહેશભાઇ સોલંકી, હેડ કોન્સ. સંજયભાઇ અલગોતર, કોન્સ. ધર્મરાજસિંહ



રાણા અને નિકુંજભાઇ મારવીયા સહિતના સ્ટાફે નવાગામમાં શિવાજીપાર્ક નજીક કોમ્પલેક્ષ પાસેથી રૂા.૮૮ હજારના મોંઘીદાટ વ્હીસ્કીની ૧૨ બોટલ સાથે જેનીલ મનીષભાઇ પાંભર (અંબીકા પાર્ક, ૮૦ ફુટ રોડ, કુવાડવા રોડ)ને પકડી દારૂ અને ફોન સહિત રૂા.૧,૧૩ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે ત્રીજા દરોડામાં બી-ડીવીઝન પોલીસના હેડ કોન્સ. એસ.ડી. સવાડીયા, કોન્સ. સંજયભાઇ જળુ સહિતના સ્ટાફે કુવાડવા રોડ પર કાળા ઝબલામાં રાજસ્થાનના માર્કા સાથેની વ્હીસ્કીનાં બે ચપલા સાથે અશોક પ્યારચંદર બાચેડા (ભગીરથ સોસાયટી, સંતકબીર રોડ)ને પકડી લીધો હતો. ચોથા દરોડામાં યુનિવર્સિટી પોલીસના એએસઆઇ રમેશભાઇ વાઘેલા, કોન્સ. ઉમંગભાઇ જોષી સહિતનાં સ્ટાફે જયોતિનગર મેઇન રોડ પરથી કરણ સતીષભાઇ કોટેચા (ગોપાલ ચોક, ભીડભંજન સોસાયટી મેઇન રોડ)ને પકડી વ્હીસ્કીની ૧ બોટલ અને સ્કુટર સહિત રૂા. ૪૫,૧૮૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો. (૩૫-૧૪)

જ્યારે પાંચમા દરોડામાં ક્રાઇમ બ્રાંચે નવાગામમાંથી ઉદય અશ્વીનભાઇ દુધરેજીયા (નવાગામ, મામાવાડી)ને વ્હીસ્કીની રૂા.૩૯૦૦ ની ૩ બોટલ સાથે પકડી દારૂ અને બાકી સહિત રૂા. ૩૩હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. છઠ્ઠા દરોડામાં પીસીબીનાં હેડ કોન્સ. વિજયભાઇ મેતા, કોન્સ. યુવરાજસિંહ રાણા સહિતના સ્ટાફે ભાવનગર હાઇવે પર વિઠ્ઠલવાવ ગૌશાળા પાસેથી લાલુ ઉર્ફે કચુ પ્રતાપભાઇ સોલંકી (ઉ.વ.૨૪, રહે. ભવાનીનગર)ને વ્હીસ્કીની ૬ બોટલ સાથે પકડી લીધો હતો. તેમજ સાતમા દરોડામાં થોરાળા પોલીસના એએસઆઇ ભાવેશભાઇ વસેવલીયા, હેડ કોન્સ. અશોકભાઇ ભાલીયા સહિતે લાખાજીરાજ ઉદ્યોગનગરમાંથી વ્હીસ્કીના ૪ ચપલા સાથે હાર્દિક હસમુખભાઇ પરમાર (ઉ.વ. ૨૪, રહ.ફ નાકરાવાડી)ને પકડી લીધો હતો. આમ વધુ સાત દરોડામાં નાના મોટા જથ્થા સાથે નવા જુના બુટલેગરો, સપ્લાયરો પકડાઇ જતાં આ દારૂ પ્યાસીઓના ગ્લાસ સુધી જતો અટક્યો હતો.

ઢેબર રોડ અટીકા સાઉથના નહેરૂનગરના ૯ મકાનો, ગોડાઉનમાં એસએમસીની ટીમો ત્રાટકી: બે ગુના દાખલ

ગેસ રીફીલીંગકાંડ : ૫૧૪ બાટલા સાથે ૭ ઝબ્બે

૧૫ શખસોને વોન્ટેડ જાહેર કરાયા: ગેસ એજન્સીઓના માણસો મારફત બાટલા મેળવી રીફલીંગ કરી કાળા બજાર કરવામાં આવતાં હતાં: અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી

રાજકોટ તા. ૩૦

શહેરમાં આમ તો હવે ઘરે ઘરે પાઇપ લાઇનથી રાંધણ ગેસનું વિતરણ થાય છે. આમ છતાં અનેક એવા લોકો છે જે અલગ અલગ એજન્સીઓમાંથી ગેસના બાટલા મેળવતાં હોય છે. જો કે અમુક એજન્સીના માણસો-ડિલીવરીમેન બીજા કાળાબજારીયાઓ સાથે મળી લોકોને મુળ કરતાં વધુ કિમતે બાટલા આપી કાળી કમાણી કરતાં હોય છે. આવા જબરા રીફીલીંગકાંડનો એસએમસીની ટીમે પર્દાફાશ કર્યો છે. શહેરના ઢેબર રોડ અટીકા વિસ્તારમાં નહરૂનગરમાં નવ જેટલા ઘરો, ગોડાઉનોમાં ટીમોએ દરોડા પાડી ૭ને પકડી લીધા હતાં અને ૧૫ને વોન્ટેડ જાહેર કર્યા હતાં. પોલીસે ૫૧૪ જેટલા ગેસના બાટલા મળી કુલ ૧૧ાા લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અત્યાર સુધીના આ સૌથી મોટુ કારસ્તાન પકડાયાનું ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં ગેસના બાટલાની ગેરકાયદેસર હેરાફેરી, રીલીંગ અને સંગ્રહ કરી લોકોની જિંદગી જોખમમાં મુકનારાઓ સામે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ શહેરના અટીકા આહિર ચોક પાસે નહેરૂનગરના એક ઘર અને ગોડાઉનમાં દરોડો પાડી અહિથી બે શખ્સોને ૩૧૩ ગેસના બાટલા સાથે પકડી લેવાયા હતાં. આ બંને અને ભાગી વોન્ટેડ જાહેર કરાયેલા ૭ સામે ગુનો દાખલ કરાવાયો હતો.

આ ઉપરાંત બીજો દરોડો અટીકા ન્યુ નહેરૂનગર સાઉથ અને ન્યુ નહેરૂનગર આરતી મેઈન રોડ શેરી નં. ૨માં પાડી અહિથી પણ રીફીલીંગનું કારસ્તાન પકડી લઈ પાંચને પકડી લઈ ૨૦૧ બાટલા કબ્જે કર્યા છે. આ કેસમાં બીજા ૮ને વોન્ટેડ જાહેર કરાયા છે. જેમાં અલગ અલગ ગેસ એજન્સીના માણસો પણ સામેલ છે. ઘણા સમયથી આ રીફીલીંગનું કારસ્તાન ચાલતુ હોવાનું ખુલ્યું હતું. બંને દરોડામાં મળી એસએમસીએ કુલ ૫૧૪ ગેસના બાટલાઓ કબ્જે કર્યા છે. બંને કેસના મળી કુલ બાવીસ જણા સામે એફઆઇઆર દાખલ થઇ હતી.

વધુ માહિતી અનુસાર ઢેબર રોડ અટીકા વિસ્તારમાં અલગ અલગ ઘરો, ગોડાઉનમાં રાંધણ ગેસના બાટલાઓ મોટા પ્રમાણમાં સંગ્રહ કરી ગેસ રીફીલીંગ કરવામાં આવી રહ્યું હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને મળતાં ગત સાંજે અટીકા ૮૦ ફુટ રોડ આહિર ચોક નેહેરૂનગર-૬, ૮ અને ૧૦માં મકાન તેમજ ગોડાઉનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહિ પોલીસે તપાસ કરતાં ગેસના બાટલાઓમાંથી રીફીલીંગ થતું જોવા મળ્યું હોઇ તુરંત કાર્યવાહી કરી હતી. તપાસ બાદ આ કેસમાં ગુનો નોંધી સ્થળ પર હાજર બે શખ્સને પકડી લીધા હતા અને બીજા ૭ને વોન્ટેડ જાહેર કર્યા હતાં. આ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ વજુભા ઝાલાની ફરિયાદના આધારે એક ગુનો નોંધાયો છે. જેમાં આરોપી તરીકે અમિત ધીરૂભાઈ ડાંગર (ઉ.વ. ૩૫, રહે. નહેરૂનગર, શેરી નંબર-૦૮) તથા આશિષ રમેશભાઈ ગોગરા (ઉ.વ. ૨૪, રહે. નહેરૂનગર શેરી નંબર-૧૦)ને પકડી લેવાયા હતાં.

તેમજ વોન્ટેડ જાહેર કરાયેલા આરોપીઓ ધીરૂ રાયઘનભાઈ ડાંગર (રહે. આહીરચોક પાસે, નહેરૂનગર શેરી નંબર-૧૦), પ્રફુલ નારણભાઈ ડાંગર (રહે. નહેરૂનગર મેઈન રોડ, શ્રદ્ધાપાર્ક), ઉમેશ પ્રભાતભાઈ બોરીયા (રહે. નહેરૂનગર શેરી નંબર-૦૬), સંજય ચાવડા (રહે. ભગવતીપરા, રાજકોટ દ્વારકેશ ગેસ એજન્સીમાંથી બોટલો ડિલેવરી કરનાર), સંજય રજપુત (ફીડમ ગેસ એજન્સીમાંથી બોટલો ડિલેવરી કરનાર), રાજ નામનો માણસ (આકૃતિ ગેસ એજન્સીમાંથી બોટલો ડિલેવરી કરનાર) અને તજુ નામનો માણસ (જૈમિન ગેસ એજન્સીમાંથી બોટલો ડિલેવરી કરનાર)



સામે આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ અને બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. પકડાયેલા આરોપીઓ અને વોન્ટેડ જાહેર થયેલા આરોપીઓ પોતાના તથા ભાડાના ગોડાઉનમાં કોમર્શિયલ તેમજ ઘર વપરાશના ગેસના બાટલા ગેરકાયદેસર રીતે રાખી અનધિકૃત રીતે અન્ય બાટલાઓમાં ગેસ રીફીલીંગ કરતાં હતાં.

માણસોની જિંદગી જોખમમાં મુકાય તેમ હોવા છતાં જ્વલનશીલ પદાર્થ અંગે બેદરકારી દાખવતાં હતાં અને નિર્ધારીત બજાર કિંમત કરતાં ઉંચા ભાવે વેંચાણ કરતાં હતાં. તેમજ ઘર વપરાશ (ડોમેસ્ટીક)ના બાટલાનું ગેરકાયદેસર રીતે કોમર્શિયલ વેંચાણ કરતાં હતાં. તેવો આરોપ ફરિયાદમા મુકાયો હતો. આ ઉપરાંત બીજો ગુનો સ્ટેટ મોનિટરિંગ સેલના પોલીસ કોન્સ્ટેબલ અક્ષયકુમાર જગતસિંહની ફરિયાદના આધારે નોંધાયો છે. એસએમસીની ટીમે ન્યુ નહેરૂનગર, શેરી નંબર-૪, આટીકા સાઉથ તેમજ ન્યુ નહેરૂનગર, આરતી મેઇન રોડ, શેરી નંબર-૨ ખાતે આવેલા મકાનોમાં પોલીસે દરોડા પડ્યા હતા.

અહિથી ૩૧૩ જેટલા બાટલા મળી આવ્યા હતાં. આ કેસમાં પકડાયેલા આરોપીઓમાં હરદેવ કાનજીભાઈ ચાવડા (ઉ.વ. ૩૪, રહે. ન્યુ ગોપાલવંદના, શેરી નંબર-૫, પિતૃકૃપા), મેરામણ કરશનભાઈ ચાવડા (ઉ.વ. ૫૩, રહે. ન્યુ ગોપાલવંદના, શેરી નંબર-૫), રમેશ ગગુભાઈ ચાવડા (ઉ.વ. ૫૮, રિક્ષા ડ્રાઈવિંગ, રહે. ન્યુ ગોપાલવંદના, ૮૦ ફૂટ રોડ), રાકેશ મહેશકુમાર ભોંઈ (કાલેરાણા) (ઉ.વ. ૨૧, રહે. હાલ રાજકોટ, મુળ રહે. છીતરબેરા, ભોજાસર, જોધપુર, રાજસ્થાન) અને પુરેનનાથ ઘનશ્યામભાઈ કોરી (ઉ.વ. ૩૫, રહે. શિવ શક્તિ ફોરજીંગ, કૈલાશ પતિ સોસાયટી, શેરી નંબર-૩, ઢેબર રોડ, રાજકોટ, મૂળ રહે. પારાસરાય, તા. ઈટીયાથોક, જી. ગોન્ડા, ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય આરોટજણાને વોન્ટેડ જાહેર કરાયા છે. જેમાં રાજુ સોલંકી (રહે. જીવરાજ કસ્તૂરી આવાસનાં ક્વાર્ટસ, સ્પીડ વેલ પાર્ટી પ્લોટની બાજુમાં, રાજકોટ-જયમીન ગેસ એજન્સીનો માણસ), કરણ લાવડીયા (રહે. રાજકોટ, જયમીન ગેસ એજન્સીનો માણસ), મંગાભાઈ (રહે. મોરબી રોડ, જકાતનાકા પાસે, રાજકોટ, મધુરમ ગેસ એજન્સીનો માણસ), અરવિંદ નટ (રહે. ૧૫૦ ફૂટ રીંગ રોડ જય ભીમ ગેસ એજન્સીનો માણસ), હિતેશ ગગુભાઈ ચાવડા (રહે. ન્યુ ગોપાલવંદના, ગોપ વંદના શેરી નંબર-૫, રાજકોટ, એજીએસ પ્યોર ગેસ એજન્સી), શૈલેષ ગગુભાઈ ચાવડા (રહે. ન્યુ ગોપાલવંદના, શેરી નંબર-૫, મધુરમ ગેસ એજન્સીનો માણસ), ચંદુ રાઠોડ (રહે. આહિર ચોક, નહેરૂનગર, રાજકોટ, રિક્ષા ડ્રાઈવર) અને જીતેન્દ્ર (રહે. ગાંધીગ્રામ, રાજકોટ ઝરીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો માણસ)નો સમાવેશ થાય છે.

આ કામગીરી પોલીસ વડા જી. એસ. મલિકની સુચના અંતર્ગત એસએમસીના પીએસઆઇ એસ. વી. ગળચર, પીએસઆઇ વી. એન. જાડેજા અને ટીમોએ કરી હતી. આ દરોડા દરમિયાન પોલીસે અલગ-અલગ કંપનીના ભરેલા અને ખાલી બાટલા નંગ-૨૦૧, ઇલેક્ટ્રિક મોટર, વજનકાંટા, સીલ, વાહનો અને રોકડ રકમ સહિત કુલ રૂ. ૪,૬૩,૪૪૫નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. એસઅમસીની ટીમે આ દરોડા પાડી ગુના દાખલ કરાવ્યા બાદ હવે આગળની તપાસ ભક્તિનગર પીઆઇ જે. ડી. પરમારની રાહબરીમાં પીએસઆઇ એસ. એચ. ગોહિલ અને ટીમે હાથ ધરી છે. જેટલા વોન્ટેડ જાહેર કરાયા છે તે તમામને શોધીને આગળ તપાસ કરવામાં આવશે.

તપાસમાં ખુલ્યા મુજબ હરદેવ ચાવડા નવેક મહિનાથી જયમીન ગેસ એજન્સીના માણસો રાજુ સોલંકી, કરણ લાવડીયા, જય ભીમના અરવિંદ સહિતની પાસેથી બાટલા લઇ રીફીલીંગ કરી ૧૪૦૦ લેખે વેંચતો હતો. તેમજ છુટક ગેસ ભરાવવા આવે તો રૂા. ૧૦૦ના કિલો લેખે ગેસ ભરી આપતો હતો.

દરમિયાન ઝરીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે ધંધો ધરાવતાં જીતેન્દ્રભાઇએ હરદેવને ગેરકાયદે રીફીલીંગ કરેલા ૪૫ બાટલાનો ઓર્ડર લખાવ્યો હતો. જેને રૂા. ૨૮૦૦ લેખે એક બાટલો આપવાનો હતો. અગાઉ જીતેન્દ્રને આ રીતે ૧૦ બાટલા આપ્યા હતાં. રમેશ ચાવડા છએક મહિનાથી રીફીલીંગનું કામ કરતો હતો. તે એજીએસ પ્યોર કંપનીના ૧૫ કિલોના બાટલા ગેરકાયદે રાખી રીફીલીંગ કરતો હતો. તેને મધુરમ એજનસીમાં કામ કરતો તેનો નાનો ભાઇ શૈલેષ બાટલા પુરા પાડતો હતો.

જ્યારે અમિત ડાંગર અગાઉ કેટરીંગનો ધંધો કરતો ત્યારે ૨૦ એલપીજી બોટલોનું કનેક્શન લીધુ હતું. બીજા ૭ બાટલા ગેરકાયદે છે. આરકે ઇન્ડસ્ટ્રીઝમાં ભારત ગેસ, ફીડમ ગેસમાંથી ડીલીવરીમેન સંજય ચાવડા અને સંજય રજપૂત બાટલા લાવેતેમાંથી રીલાયન્સની બોટલોમાં રીફીલીંગ કરી કાળા બજારમાં વેંચતો હતો. જ્યારે આશિષ પાસે ૧૩ ગેરકાયદેસર બાટલા છે અને તે ખંઢેરી પાસે આકૃતિ ગેસ એજનસી અને જૈમીન ગેસ એજનસીમાંથી બાટલા લાવી ઈન્ડીયન તથા રીલાયન્સની બોટલોમાં રીફલીંગ કરી કાળા બજારમાં વેંચતો હતો.

તેમજ દરોડામાં અમિત અને આશિષને પકડ્યા તેમાંગસના બાટલા નંગ-૩૧૩ કુલ કી.રૂ. ૬,૦૪૦૦, રીફીલીંગ પાઇપ (નોઝલ) નંગ-૧૦ કી.રૂ. ૪૦૦૦, ઇલેકટ્રીક મોટર નંગ-૦૫ કિ.રૂ. ૨૫૦૦૦, ઇલેકટ્રીક વજન કાંટા નંગ-૦૫ કિ.રૂ. ૧૨,૫૦૦, સાદા વજન કાંટા નંગ-૦૨ કિ.રૂ. ૧૦૦, મોબાઇલ ફોન નંગ-૦૨ કિ.રૂ. ૪૦,૦૦૦, રોકડ રકમ ૫૦૦ મળી કુલ રૂા. ૬,૮૨,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. જ્યારે બીજા દરોડામાં હરદેવ, મેરામણ સહિત પાંચને પકડવામાં આવ્યા તેમાં અલગ અલગ કંપનીના કોમર્શીયલ તથા ડોમેસ્ટીક ભરેલ તથા ખાલી બાટલા નંગ-૨૦૧ કિ. રૂા.૩,૨૮,૭૦૦, ઇલેકટ્રીક મોટર (રીફીલીંગ કરવા માટેની) નળી નોજલ સાથે નંગ -૬ કિ.રૂા.૩૦,૦૦૦, ઇલેકટ્રીક વજનકાંટા નંગ-૭ કિ.રૂા.૧૪,૦૦૦, રીલાયનસ ગેસ લખેલ સ્ટીકરનાં પાનીયા નંગ-૪૪ કિ.રૂા.૦૦, ગેસનાં બાટલા ઉપર લગાવવાના ઢાકણા (સીલ) નંગ-૪૮૮ રૂા.૯૭૬, છકડો રિક્ષા બ રૂા.૪૦,૦૦૦, ટુવ્હીલર એક ૨૫,૦૦૦નું, મોબાઇલ ફોન નંગ-૫ કિ.રૂા.૧૬,૦૦૦ તેમજ વાંદરી પાનુ નંગ-૧ કિ.રૂા.૧૦૦ અને રોકડા રૂપિયા ૮૬૭૦ મળી કુલ ૪,૬૩,૪૪૬નો મુદ્દામાલ જપ્ત થયો છે. બંને કેસમાં મળી કુલ રૂા. ૧૧.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. જેમાં કુલ ૯,૨૯,૧૦૦ના ૫૧૪ ખાલી-ભરેલા બાટલા સામેલ હતાં. તપાસમાં બીજા આરોપીઓ પકડાયા બાદ વધુ વિગતો બહાર આવશે.

વર્ક વિઝા, જોબના નામે ૧૧.૬૫ લાખનો ડામ

યુવાનને નકલી નિમણુક પત્ર આપી સાંઇઠ દિવસના ટુરીસ્ટ વિઝા પર દુબઇ મોકલી દીધો, શારજાહમાં રઝળતો થઇ જતાં માંડ વતન પાછો આવ્યો અને ઠગાઇની ફરિયાદ કરી

રાજકોટ તા. ૩૦

વિદેશ જવા ઇચ્છતા હોય અને ત્યાં જઇ બે પાંદડે થવાની આશા રાખીને બેઠા હોય તેવા અનેક યુવાનો કોઇપણ રીતે વિદેશ જવા માટે અધીરા થઇ ગયા હોય છે અને આ માટે ગમે એટલી રકમ આપી દેવા પણ તૈયાર થઇ જતાં હોય છે. પોતાની પાસે રૂપિયા ન હોય તો બીજા પાસેથી ઉછી ઉધાર કરીને પણ કહેવાતા એજન્ટોને માંગ્યા નાણા આપી દેતાં હોય છે. પરંતુ અનેક લેભાગુ એવા એજન્ટો આવા લોકોની મજબૂરીનો તેની ઉતાવળનો ગેરફાયદો ઉઠાવી વર્ક વિઝા પરમીટ, નોકરી અપાવી દેવાના નામે છેતરપીંડી કરતાં રહે છે. યુરોપ, દુબઇના વર્ક પરમીટ અપાવી દેવાના નામે વધુ એક યુવાન સાથે ફ્રોડ થયું હતું. આ યુવાનને અગીયાર લાખ પાંસઠ હજારનો ચૂનો લાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં વિઝા એજન્ટ દેવલ જોષીએ નારણપુરાના ચિંતનભાઈ શાહ સાથે ૧૧.૬૫ લાખની છેતરપિંડી કરી હતી. યુરોપ અને દુબઈમાં ચા પગારની નોકરીની લાલચ આપી, નોર્વેની સેમસંગ કંપનીનો નકલી ઓફર લેટર મોકલ્યો હતો. બાદમાં સાંઇઠ દિવસના ટુરિસ્ટ વિઝા પર દુબઈ મોકલી શારજાહમાં રઝળતા મૂકી દીધા હતા. ભોગ બનનાર યુવકે આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. વિશેષ માહિતી અનુસાર યુરોપ અને દુબઈમાં વર્ક પરમિટ સાથે ચા પગારની નોકરી અપાવવાની લાલચ આપીને નારણપુરાના ૩૭ વર્ષીય યુવક સાથે ૧૧.૬૫ લાખ રૂપિયાની ઠગાઈ થઈ



હોવાનો બનાવ સામે આવ્યો હતો.

વિઝા એજન્ટ દેવલ હેમંતકુમાર જોષીએ નોર્વેની સેમસંગ કંપનીમાં નોકરી અપાવવાના નામે નકલી ઓફર લેટર મોકલ્યો હતો. ત્યારબાદ યુવકને વર્ક વિઝાના બદલે સાંઇઠ દિવસના ટુરિસ્ટ વિઝા પર દુબઈ મોકલી શારજાહમાં રઝળતો મૂકી દીધો હોવાનો આક્ષેપ છે. આ મામલે યુવકે આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. નારણપુરામાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા ચિંતનભાઈ શાહની દીકરીની સ્કૂલના પ્રિન્સિપાલ મારફતે દેવલ જોષી સાથે મુલાકાત થઈ હતી. દેવલે પોતાને વિઝા અને એલઆઈસી એજન્ટ ગણાવી યુરોપના દેશોમાં વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી.

આ માટે તેણે પંદર લાખ રૂપિયાની માગણી કરી હતી. ફરિયાદ મુજબ, ચિંતનભાઈએ વિશ્વાસમાં આવીને ઓનલાઈન ટ્રાન્સફર અને રોકડ સહિત અલગ-અલગ હપ્તામાં કુલ ૧૬.૬૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. દેવલે શરૂઆતમાં પોલેન્ડમાં અને ત્યારબાદ નોર્વેની સેમસંગ કંપનીમાં નોકરી અપાવવાની વાત કરી હતી. તેણે નોર્વેના નામે કંપનીનું નામ બ્લર કરેલો નકલી ઓફર લેટર મોકલ્યો હતો. નોકરી મળવાની આશાએ ચિંતનભાઈએ પોતાની હાલની નોકરીમાંથી રાજીનામું પણ આપી દીધું હતું. પણ મુંબઈમાં નોર્વેની એમ્બેસીમાં ગયા બાદ પણ વિઝાની પ્રક્રિયા આગળ ન વધતાં તેમને શંકા ગઈ હતી. ત્યારબાદ દેવલે દુબઈમાં ચા પગારની નોકરી અને વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી હતી. જાન્યુઆરી ૨૦૨૬માં દેવલ ચિંતનભાઈને લઈને દુબઈ ગયો હતો.

પણ વર્ક વિઝાના બદલે સાંઇઠ દિવસના ટુરિસ્ટ વિઝા પર લઈ જવામાં આવ્યા હતા. દુબઈ પહોંચ્યા બાદ દેવલ પોતે હોટલમાં રોકાયો હતો, જ્યારે ચિંતનભાઈને શારજાહમાં એક લેબર કોન્ટ્રાક્ટરના ક્વાર્ટરમાં રહેવા મોકલ્યા હતા. ત્યાં પહોંચ્યા બાદ દેવલે તેમને જાતે ઇન્ટરવ્યુ આપીને નોકરી શોધી લેવા કહ્યું હતું. આથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ચિંતનભાઈને જાણ થઈ હતી. તેઓ બહાનું કાઢીને અમદાવાદ પરત ફર્યા હતા.

છેલ્લે ચિંતનભાઈના જણાવ્યા મુજબ તપાસ કરતાં વિઝા પ્રક્રિયા અને દુબઈના ખર્ચ બાદ આશરે ૧૧.૬૫ લાખ રૂપિયા દેવલે પોતાની પાસે રાખી લીધા હોવાનું જાણવા મળ્યું હતું. વારંવાર માગણી કરવા છતાં રૂપિયા પરત ન મળતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. હાલ સમગ્ર મામલે પોલીસે ફરિયાદ દાખલ કરીને તપાસ આદરી હતી. આમ વધુ એક યુવાન સાથે વિદેશમાં નોકરીના નામે લાખોની ઠગાઇ ગથઇ હતી.

રોજેરોજ બાકાઝીકી થઇ પડે છે, નહિ જેવી વાતે લોકો તૂટી પડે છે: મારામારીની ત્રણ ઘટનાઓ

પાડોશી સગા મટી બન્યા મારકણા

પાનની પીચકારી મારવાની યુવાને પાડોશીને ના પાડતાં તેણે પોતાના બા સાથે મળી હુમલો કર્યોઃ દંપતિને ઈજાઃ બીજી ઘટનામાં જુના મનદુઃખને કારણે પાડોશીનો નવો ડખ્ખોઃ યુવાનની ધોલાઇઃ ત્રીજી ઘટનામાં કેબીન હટાવવા મામલે થઇ મારામારી

રાજકોટ, તા. ૩૦

બાકાઝીકીની ઘટનાઓ રોજબરોજ અલગ અલગ સ્થળોએ બનતી રહે છે. જેમાં ઘણીવાર તો કારણો પણ નહિ જેવા હોય છે. લોકો મારામારી પર ઉતરી આવે પછી જે હાથમાં આવે એનાથી મારકુટ કરી લે છે. અગાસીએથી પાનની પીચકારી મારવા મામલે માથાકુટ થતાં પહેલો સગો ગણાતો પાડોશી મારકણો બની ગયો હતો. આ પાડોશીએ પોતાની બા સાથે મળીને પડોશી દંપતિને મારકુટ કરી દવખાનાના ખાટલા ભેગા કરી દીધા હતાં. બીજી ઘટનામાં જુના મનદુઃખને કારણે નવો ડખ્ખો થયો હતો. જેમાં એક યુવાન પર પણ તેના પાડોશી મહિલા પોતાની દિકરી, ભાણેજ સાથે મળીને તૂટી પડ્યા હતાં. ત્રીજી ઘટનામાં કેબીન હટાવવા જેવી વાતે મારામારી થઇ હતી.

ગોંડલના વાસાવડ ગામે રહેતાં દંપતિ પર પાડોશીએ ઇંટ લાકડીથી હુમલો કરી માર મારતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. પાડોશી અને તેની પત્નિ રાતે જમીને અગાસીએ જાય પછી ફાકી ખાધા બાદ દિવાલ પર પીચકારીઓ મારતાં હોઇ તેને સમજાવવા જતાં આ માથાકુટ થઇ હતી. વાસાવડ ગામે રહેતાં પાંત્રીસ વર્ષના શૈલેષભાઇ બાબુભાઇ વાઘેલા-ખાંટ પર સાંજે સાડા છએક વાગ્યે પાડોશી ગફાર ઉર્ફે લાલો કરશનભાઇ ભાખોતરા અને તેના બાબ મંજુબેને હુમલો કરી ઇંટ, ધોકાથી માર મારતાં તે લોહીલુહાણ થઇ ગયા હતાં.

દેકારો સાંભળી શૈલેષભાઇના પત્નિ રમાબેન દોડી આવ્યા હતાં અને તે વચ્ચે પડતાં તેને પણ વાળ પકડી પછાડીને માર માર્યો હતો. શૈલેષભાઇને ઇંટ-ધોકાના ઘા લાગ્યા હોઇ ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે સુલતાનપુર પોલીસને જાણ કરી હતી. શૈલેષભાઇએ જણાવ્યું હતું હું ખેતી કરી ગુજરાન ચલાવુ છું. અમારી બાજુમાં જ ગફાર ઉર્ફે લાલો ખાંટ તેના પરિવાર સાથે રહે છે. રાતે ગફાર અને તેની પત્નિ જમીને અગાસીએ જાય છે



અને ફાકી-પાન ખાય છે. ત્યાંથી તે અમારી દિવાલ તરફ પીચકારીઓ મારતો હોઇ અવાર-નવાર તેને આવુ કરવાની ના પાડી હતી.

આ બાબતે સાંજે બોલાચાલી થતાં ગફારના માતા મંજુબેને મને પકડી રાખ્યો હતો અને ગફારે ઇંટના ત્રણેક ઘા મારી દીધા હતાં, તેમજ ધોકાથી પણ માર માર્યો હતો. મારા પત્નિ રમા વાઘેલા વચ્ચે પડતાં તેને પણ વાળ ખેંચી પછાડીને મારકુટ કરી હતી. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. આમ પાનની પીચકારી મામલે થયેલી બોલાચાલી બાદ પાડોશીએ ધમાલ મચાવી હતી.

બીજી ઘટના જોઇએ તો ઢેબર કોલોનીમાં રહેતાં યુવાન પર રાતે તેના જ પડોશમાં રહેતાં મહિલાએ પોતાની દિકરી અને ભાણેજ સાથે મળી હુમલો કરી ધોકાથી માર મારતાં સારવાર માટે દાખલ કરાયો છે. જુના મનદુઃખને કારણે આ મારામારી થઇ હતી. ઢેબર કોલોનીમાં રહેતો સત્યાવીસ વર્ષનો અસલમ અનવરભાઇ ભટ્ટી રાતે ઘર પાસેથી ચાલીને નીકળ્યો ત્યારે બાજુમાં રહેતાં રહેમતબેન, તેની દિકરી સમીરા અને ભાણેજ ઇમરાન ઉર્ફે ઇમલાએ સામુ કેમ જોવે છે? કહી ગાળો દઇ ઢીકાપાટુનો માર મારી લાકડીથી ફટકારતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી.

વધુ માહિતી અનુસાર અસલમ બે ભાઇ અને એક બહેનમાં મોટો છે અને સંતાનમાં ત્રણ દિકરી છે. પોતે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. અસલમે જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા મારી બહેનની પજવણી બાબતે મારે ઇમરાન સાથે બોલાચાલી થઇ હતી અને ફરિયાદ કરી હતી. ત્યારથી મનદુઃખ ચાલતું હોઇ ખાર રાખીને સામુ કેમ જોવે છે તેવુ ખોટુ કહીને ઝઘડો કરી હુમલો કર્યો હતો. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી. અહિ પણ પાડોશી પહેલા સગા બનવાને બદલે મારકણા બનીને તૂટી પડ્યા હતાં.

મારામારીની ત્રીજી ઘટનામાં મુંજકા ગામે રહેતાં અને મુંજકા ચોકડી નજીક નવા રીંગ રોડ પર ભાગ-નાસ્તાની કેબીન ચલાવતાં તેમજ રેસ્ટોરન્ટમાં ચોકીદારીનું કામ કરતાં અઠ્ઠાવીસ વર્ષના ગબ્બર જીલુભાઇ વડોદરીયા નામના યુવાનને સાંજે કેબીન નજીક હતો ત્યારે અજાણ્યા શખ્સોએ લાકડીથી માર મારતાં અને ઢીકાપાટા મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને કરી હતી. ગબ્બરના કહેવા મુજબ તેણે તેની પત્નિ માટે ભાગની કેબીન ચાલુ કરી હોઇ અજાણ્યા શખ્સોએ કેબીન અહિથી હટાવી લેવાનું કહી હુમલો કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ નહિ જેવી વાતોએ મારામારીની ત્રણ ઘટનાઓ બની હતી.

વધુ એક વખત સોશિયલ મિડીયા માધ્યમ અને યુવતિનો થયો ઠગાઇમાં ઉપયોગ

માધુરી પરનો વિશ્વાસ નેવુ લાખમાં પડ્યો!

શરૂઆતમાં ફેસબૂક ફ્રેન્ડે મીઠી વાતો કરી પછી ક્રિપ્ટોમાં રોકાણ પર નફાના નામે લાલચ આપી અને છેલ્લે એક કરોડ આસપાસની રકમ ખંખેરી લીધીઃ જમીન મકાનના દલાલ સાથે સાયબર ફ્રોડ : વેપારીનો ફોન અચાનક ઓટો અપડેટ મોડમાં ગયો, સ્વીચ ઓફ પણ ન થઇ શક્યોઃ છેલ્લે ખાતામાંથી બે લાખ તેત્રીસ હજાર ગાયબ!

રાજકોટ તા. ૩૦

સોશિયલ મિડીયા મારફત ગઠીયાઓ જબરા ફ્રોડ કરી રહ્યા છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં એક જમીન મકાનના દલાલને સોશિયલ મિડીયા ફેસબૂક પર માધુરી નામની યુવતિ સાથેની ફ્રેન્ડશીપ લાખોમાં પડીગઇ હતી. માધુરીએ મીઠી મધુરી વાતો કરી આ આધેડને લલચાવ્યા હતાં. એ પછી પોતાના મુખ્ય ઇરાદાને ઉજાગર કરી આ આધેડને ક્રિપ્ટોમાં રોકાણ પર મોટો નફો મળે છે તેવુ કહી શરૂઆતમાં સામાન્ય રકમનો નફો કરાવ્યા બાદ તેમની પાસેથી નેવુ લાખ જેવી રકમ ઉસેડી લીધી હતી. તેણીએ ઇન્કમટેક્સ, વોલેટ એક્સેસ સહિતના નામે છેતરપીંડી કરી હતી.

વિગતો જોઇએ તો અમદાવાદના ત્રાગડ વિસ્તારના પિસ્તાલીસ વર્ષીય જમીન દલાલ ફેસબુક પર યુવતીની મિત્રતામાં ફસાયા હતા. ક્રિપ્ટોમાં રોકાણના બહાને સાયબર ગેંગે તેમની પાસેથી નેવુ લાખ રૂપિયા પડાવી લીધા. શરૂઆતમાં નફો દેખાડી વિશ્વાસ કેળવ્યો હતો. પછી અલગ અલગ બહાને પૈસા પડાવ્યા હતાં. છેવટે સેબીમાં તપાસ કરતા છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો, અને સાયબર ક્રાઇમ સેલે તપાસ શરૂ કરી હતી. અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં રહેતા અને જમીન દલાલીનું કામ કરતા આધેડ ફેસબુક પર એક છેતરપિંડીનો ભોગ બન્યા હતાં. યુવતી સાથે મિત્રતા થયા બાદ વિશ્વાસ કેળવીને ક્રિપ્ટોમાં રોકાણથી ફાયદો થશે તેમ કહીને તેની સાયબર ગેંગે નેવુ લાખ રૂપિયા પડાવી લીધા હતાં.

પોલીસ સુત્રોએ જણાવ્યુ હતું કે શહેરના ત્રાગડ વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય હરેશભાઇ જેનુ નામ અહિ બદલાયુ છે તે જમીન દલાલીનું કામ કરે છે. થોડા મહિના પહેલાં ફેસબુક પર તેમની ઓળખ માધુરી મહેતા નામની યુવતી સાથે થઈ હતી. તેણે મિત્રતા કેળવીને સામાન્ય વાતચીત કરી વોટ્સએપ નંબરની આપ-લે કરી હતી. માધુરીએ મીઠી મીઠી વાતો કરી મિત્રતાને વધુ આગળ ધપાવી હતી અને બાદમાં તેમને જણાવ્યું હતું કે તે એક કંપનીમાં ક્રિપ્ટો ટ્રેડિંગ કરે છે અને તેમાં સારો નફો કમાય છે. બાદમાં તેણે ચાર્લી નામના વ્યક્તિનો મોબાઈલ નંબર આપ્યો હતો. ચાર્લીએ કંપનીની વેબસાઇટની લિંક મોકલીને શરૂઆતના રોકાણ પર એક કરોડનો નફો અપાવ્યો હતો, જે એકાઉન્ટમાં દેખાતો હતો. ત્યારબાદ આ નફો મેળવવા માટે ઇન્કમ ટેક્સ અને વૉલેટ એક્સચેન્જના નામે કુલ ૭૦ લાખ રૂપિયા જમા કરાવાયા હતાં.

આ નાણાં નફા સાથે પરત મળશે તેવી ખાતરી આપવામાં આવી હતી. પાછળથી તેમને જણાવવામાં આવ્યું કે તેમનું વૉલેટ મની



લૉન્ડરિંગ અને ગેરકાયદે નાણાકીય વ્યવહારના અનુસંધાનમાં સસ્પેન્ડ થઈ ગયું છે, જેથી આ વૉલેટ રિકવર કરવા માટે બીજા ૨૦ લાખ રૂપિયા જમા કરાવવા પડશે. આ સમયે માધુરીએ ફરીથી મિત્રતાનો ખોટો ફાયદો ઉઠાવીને વિશ્વાસ અપાવ્યો હતો, જેથી આધેડે ૨૦ લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. તેમ છતાં એકાઉન્ટ એક્ટિવિટી થયું ન હતું. આ સમયે માધુરીએ આંચકો આપતા કહ્યું કે ચાર્લી એ નોકરી છોડી દીધી છે. છેવટે હરેશભાઈને શંકા ઉપજી હતી.

બાદમાં તેમણે સેબીની ઓફિસમાં જઈને ક્રિપ્ટો કંપની અંગે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે ફેસબુકથી મિત્રતા કેળવીને તેમની સાથે સાયબર ફ્રોડ કરવામાં આવ્યો છે. આ અંગે સાયબર ક્રાઇમ સેલ દ્વારા ટેકિન્કલ એનાલિસિસના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ સાયબર ગઠીયાઓએ વધુ એક વખત સોશિયલ મિડીયા માધ્યમ અને યુવતિનો ઉપયોગ કરી આશરે એકાદ કરોડ જેવી રકમનો ચૂનો લગાવી દીધો હતો. આ રીતે કોઇપણ અજાણ્યાઓ સાથે ફ્રેન્ડશીપ કરતાં પહેલા વિચાર કરવો જરૂરી છે. અન્યથા આ જમીન મકાનના ધંધાર્થી ફસાઇ ગયા અને નાણા ગુમાવ્યા તેવી ઠગાઇ ગમે તેની સાથે થઇ શકે તેમ છે.

બીજી એક ઠગાઇ જોઇએ તો અમદાવાદના શાહીબાગમાં રહેતા રોડ મટિરિયલના વેપારી કુલદીપ શર્માનો સ્માર્ટફોન હેક કરી અજાણ્યા સાયબર ગઠિયાએ તેમના, તેમના ધંધાના અને તેમની દીકરીના કુલ ૩ બેંક ખાતામાંથી ૨.૩૩ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા. બપોરના બે કલાકના ગાળામાં આ ફ્રોડ થયું હતું. વેપારીએ તાત્કાલિક ૧૯૩૦ પર કોલ કરતા શાહીબાગ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. શાહીબાગ વિસ્તારમાં આવેલા રજનીગંધા ટાવરમાં રહેતા અને નવરંગપુરામાં રોડ મટિરિયલનો વેપાર કરતા ૪૮ વર્ષીય વેપારીનો સ્માર્ટફોન વાઇરસ કે દૂષણ નાખી હેક કરી અજાણ્યા સાયબર ગઠિયાએ તેમના તેમજ ધંધાના તથા તેમની દીકરીના મળીને કુલ ૩ બેંક ખાતામાંથી રૂ. ૨.૩૩ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા.

ફોન હેક થતાં જ વેપારીએ તાત્કાલિક સિમકાર્ડ કાઢી હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કર્યો હતો. શાહીબાગ સુજાતા લેટ પાસે રજનીગંધા ટાવરમાં રહેતા અને નવરંગપુરા ધ્રુવ હાઉસ ખાતે એસ.એસ. એન્ટરપ્રાઇઝ નામે રોડ બનાવવાનો સામાન વેચતા કુલદીપ રાજેન્દ્રકુમાર શર્માએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ એચડીએફસી બેંકની જિલ્લા સેવા સદન શાખામાં વેપારનું કરન્ટ એકાઉન્ટ તેમજ પોતાનું સેવિંગ એકાઉન્ટ ધરાવે છે. આ ઉપરાંત તેમની દીકરી ધ્રુવી રાજ પટેલનું પણ તે જ બેંકમાં સેવિંગ ખાતું છે. આ ત્રણેય એકાઉન્ટમાં કુલદીપભાઈનો મોબાઈલ નંબર રજિસ્ટર્ડ હતો અને તેમના ફોનમાં ગૂગલ-પે સાથે આ ત્રણેય ખાતા લિંક હતા. બપોરે તેઓ ઘરે હાજર હતા ત્યારે વેપારીને ફોન કરવા ખિસ્સામાંથી મોબાઈલ કાઢતાં ફોન અચાનક પોતાની મેળે અપડેટ થવા લાગ્યો હતો. શંકા જતાં તેમણે ફોન સ્વિચઓફ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ફોન બંધ થયો નહોતો.

તે દરમિયાન ફોનમાં ઉપરાઉપરી ઓટીપી આવવા લાગ્યા હતા અને મોબાઈલનું એક્સેસ તેમના હાથમાંથી જતું રહ્યું હતું. સાયબર ગઠિયાએ તેમના ફોનનું રિમોટ એક્સેસ મેળવી કરન્ટ એકાઉન્ટમાંથી રૂ. ૮૯,૯૯૯, તેમના પર્સનલ એકાઉન્ટમાંથી રૂ. ૮૩,૩૩૨ તથા દીકરીના એકાઉન્ટમાંથી રૂ. ૬૦,૦૦૦ મળીને કુલ સાત ટ્રાન્ઝેક્શન મારફતે રૂ. ૨.૩૩ લાખ ઉપાડી લીધા હતા.

સસ્તી સોપારીના નામે પાન વાળાને અડધા લાખનો ચૂનો

જાહેરાત જોઇ ફોન કરતાં ગઠીયાએ રોકડા લઇ લીધા પણ કંઇ મોકલ્યું નહિ

રાજકોટ તા. ૩૦

લાલચની જાળમાં ફસાઇને અનેક લોકો રોજેરોજ ઓનલાઇન ફ્રોડનો ભોગ બની રહ્યા છે. આ વચ્ચે પાનના એક ધંધાર્થી ઓનલાઇન સસ્તી સોપારી લેવા જતાં અડધા લાખનો ચૂનો લાગી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો જસદણના કુકા ગામે રહેતા અને ગામમાં પાન માવાની અને કરીયાણાની દુકાન ચલાવતા વેપારી પ્રવિણભાઇ પરબતભાઇ સોલંકી નામના બેતાલીસ વર્ષના વેપારીએ ઓનલાઇન સસ્તી સોપારી વેચાણની જાહેરાત જોઇ ખરીદી કરવા જતા જામનગરના હાર્દિક પટેલ નામના શખ્સે રૂા. પ૬ હજારની ઠગાઇ કર્યાની ભાડલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા તપાસ શરૂ થઇ છે.

વિશેષ વિગતો અનુસાર એમ.એ.બી. એડ સુધી અભ્યાસ કરનાર પ્રવિણભાઇ સોલંકીએ પોલીસ ફરીયાદમાં જણાવ્યું કે ગઇ તા.ર૦-૯ ના તે દુકાને હતા ત્યારે મિત્રએ ફોન કરી ઓનલાઇન વિડીયો જોયો હતો તેમા સોપારી સસ્તા ભાવે વેચાતા હોવાનું લખેલું છે. તારે લેવી હોય તો વોટસએપ નંબર મોકલેલ છે. વાત કરી લેજો કહેતા તેણે કોલ કરતા કોલ ઉપાડનાર હાર્દિક પટેલ હોવાની ઓળખ આપી પોતાને સોપારીના વેપારી અને ગોડાઉન અમદાવાદમાં હોવાનું જણાવી ઓનલાઇન ઓર્ડર લઇ તેને જે એડ્રેસ આપો ત્યાં મોકલી આપીશ તેમ કહ્યું હતું.

આથી તેની સાથે સોપારીનો ભાવ નક્કી કરી ૪પ૦ કિલો લેખે અડધી રકમ એડવાન્સ પેટે, ટ્રાન્સપોર્ટમાં મોકલ્યાનું કહી બાકીની રકમ વગેરે બહાને તેની પાસેથી બે બોટી સોપારીના રૂા. પપ,૯૦૦ આંગડીયા મારફતે મેળવી લીધા હતા. આ સમયે આરોપીએ સોપારી મોકલી આપ્યાનું જણાવ્યું હતુ. તેણે બીજા દિવસે આરોપીને કોલ કરતા સરખો જવાબ આપ્યો ન હતો. બાદમાં ફોન બંધ કરી નંબર બ્લોક કરી નાખ્યો હતો. તેને બીજા નંબરથી કોલ કરતા સરખો જવાબ નહી આપતા અને સોપારી નહી આવતા આરોપીને રકમ પરત આપવાની વાત કરી હતી. છતા તેણે રકમ પરત નહી આપતા અંતે ફરીયાદ નોંધાવતાં તપાસશરૂ થઇ હતી.

શહેર અને ભોગ બનનારા અલગ અલગઃ પણ છેતરાઇ જવાની રીત એક સરખી

દરજી-શ્રમિકના ફોન હેક કરી નાણા ઉસેડ્યા

એકાએક ફોનમાં ઓટો અપડેટ પ્રોસેસ ચાલુ થઇ ગઇ, ફોન હેક થઇ ગયા પછી રોકડા ચોસઠ હજાર અને છાંસઠ હજાર ગાયબ થયાઃ રકમ થોડી પણ નવા કિમીયા સામે જાગૃત થવું જરૂરી

રાજકોટ તા. ૩૦

સાયબર ગઠીયાઓ હવે નવી તરકીબ લાવ્યા છે જેમાં ગમે તેના મોબાઇલમાં એપીકે ફાઇલથી કે પછી કોઇ લિંક મોકલી ફોન હેક કરી ઓટો અપડેટ મોડમાં લઇ બાદમાં બેંક ખાતાના એક્સેસ મેળવી તેમાંથી રોકડ ઉસેડી રહ્યા છે. આવી વધુ એક ઘટના બની હતી. જેમાં એક યુવાનો ફોન અચાનક ઓટો અપડેટ થવા માંડ્યો હતો અને બાદમાં હેક થઇ ગયા પછી બેંક ખાતામાંથી નાણા ગાયબ થઇ ગયા હતાં. આવી બીજી ઘટના પણ બની હતી. જેમાં એક શ્રમીકનો ફોન એકાએક ઓટો અપડેટ પ્રોસેસમાં જતો રહ્યો હતો અને હેક થઇ ગયા બાદ રૂપિયા ગાયબ થયા હતાં. તેણે મિત્રને બે હજાર ઓનલાઇન ટ્રાન્સફર કર્યા બાદ આ ઘટના તેની સાથે બની હતી.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો ભાવનગરમાં એક યુવક સાયબર ઠગાઇનો ભોગ બન્યો હતો. ભરતનગરના આશિષભાઇ ભટ્ટીનો મોબાઇલ હેંગ થયા બાદ તેમના બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સે ગેરકાયદેસર રીતે ચોસઠ હજાર ઉપાડી લીધા હતા. કોઈ ઓટ્ટ શેર કર્યા વિના આ છેતરપિંડી આચરવામાં આવી હતી. આ મામલે ભરતનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ભરતનગર વિસ્તારમાં સાયબર ઠગાઈની એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં અજાણ્યા શખ્સે મોબાઈલ હેંગ કરી યુવકના બેંક ખાતામાંથી ગેરકાયદેસર રીતે ચોસઠ હજાર ઉપાડી લીધા હતા.

વધુ માહિતી અનુસાર ભરતનગર વિસ્તારમાં આવેલ જૂના ત્રણ માળિયામાં રહેતા અને સિલાઈ કામ કરતા આશિષભાઈ સતિષભાઈ ભટ્ટી નામનો ઓગણત્રીસ વર્ષનો યુવાન રેડીમેડ કપડાં સિલાઈનું કામ કરે છે. બપોરે તેમનો મોબાઈલ અચાનક અપડેટ પ્રોસેસમાં જતો રહ્યો હતો અને કોઈ પ્રક્રિયા થતી ન હતી. તેને શંકા છે કે અજાણતા કોઈ એપીકે ફાઈલ અથવા અન્ય લિંક પર ક્લિક થઈ જવાના કારણે તેમનો ફોન હેંગ થઈ ગયો હતો. ત્યારબાદ તેણે મોબાઈલ ફોરમેટ કરી ગૂગલ પે દ્વારા બેંક બેલેન્સ ચેક કરતા તેમની જાણ બહાર એસબીઆઈ ભરતનગર



શાખાના ખાતામાંથી ચોસઠ હજાર કપાઈ ગયા હોવાનું માલૂમ પડયું હતું. આ રકમ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન દ્વારા સાહિલ હુસૈનના નામે ટ્રાન્સફર થઈ હતી.

આશિષભાઈ દ્વારા કોઈ પણ પ્રકારની બેંક માહિતી કે ઓટીપી શેર કરવામાં આવ્યો ન હોવા છતાં આ ઠગાઈ આચરવામાં આવી હતી.આ ઘટના અંગે ભોગ બનનારે તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ભરતનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ આઇટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. પોલીસ ઇન્સ્પેક્ટર ભાગ્યેશ્વરીબા ઝાલાએ વિશેષ તપાસ હાથ ધરી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો સુરતના માંગરોળના મોટા બોરસરા ગામે એક પરપ્રાંતિય શ્રમિક સાયબર ગઠિયાનો શિકાર બન્યો હતો. ગઠિયાએ તેના બેંક ખાતામાંથી મહેનતની કમાણીના છાંસઠ હજાર રૂપિયા ઉપાડી લીધા હતા. મૂળ ઉત્તર પ્રદેશના સાડત્રીસ વર્ષીય અનુપકુમાર મહેન્દ્રસિંગ મોટા બોરસરામાં મજૂરી કરે છે. તેમણે મિત્ર અનિલભાઈને પૈસાની જરૂર હોવાથી ફોન પે દ્વારા બે હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. આ વ્યવહાર પછી તેમના ફોનમાં સિસ્ટમ અપડેટ શરૂ થઈ અને ફોન આપમેળે ચાલુ-બંધ થવા લાગ્યો.

અડધા કલાક પછી ફોન સામાન્ય થયો ત્યારે અનુપકુમારે બેંક બેલેન્સ તપાસ્યુ તો તે હેબતાઈ ગયો હતો. તેમના ખાતામાંથી દસ મિનિટમાં બે ટ્રાન્ઝેક્શન દ્વારા પહેલા ૫૦ હજાર, પછી ૧૬ હજાર એમ કુલ છાંસઠ હજાર રૂપિયા ઉપાડી લેવાયા હતા. અનુપકુમારે પાલોદ પોલીસને જાણ કરતા, પોલીસે અજાણ્યા સાયબર ગઠિયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આમ બે એક સરખા કિસ્સા અલગ અલગ શહેરમાં બન્યા હતાં. જેમાં સાયબર ગઠીયાઓએ ફોન ઓટો અપડેટ સિસ્ટમમાં લઇ હેક કરી ફ્રોડ આચરી લીધુ હતું.

રોકાણ પર ટુંકા ગાળામાં માલદાર થઇ જવાની લ્હાય રોજબરોજ લોકોને લઇ ડુબે છે

શેરબજારમાં કમાઇ લેવા જતાં ૩૭ લાખ ગ્યા

શરૂઆતમાં એક લાખ પંચાવન હજારના રોકાણ પર એક લાખ પંચોતેર હજાર મળતાં નિવૃત બેંક મેનેજરે આંધળુકીયા કરી રોકાણ કર્યુ અને મળ્યો ઠેંગોઃ બીજી તરફ સોનુ આપો તો મફતમાં દાગીના બનાવી દઉ કહી કારીગર દસ લાખ ગપચાવી ગયો

રાજકોટ તા. ૩૦

ઓનલાઇન રોકાણ કરીને રાતોરાત માલદાર થઇ જવાના સપનાઓ અનેક લોકોને લાખો કરોડોનો ચૂનો લગાવી ગયા છે. આમ છતાં લોકો જાગતા નથી અને શેર બજાર, યુએસડીટી, ગોલ્ડ સહિતમાં ઓનલાઇન રોકાણ કરવા જતાં ફ્રોડનો ભોગ બની રહ્યા છે. તો ઓફલાઇન પણ શેર બજાર સહિતની સ્કીમમાં નાણા રોકવાથી નફો થશે તેમ કહીને રૂબરૂ આવીને ગઠીયા છેતરી જતાં હોવાના પણ બનાવો વારંવાર બને છે. નિવૃત બેંક મેનેજર સાથે આવી જ એક ઘટનામાં સાડત્રીસ લાખની ઠગાઇ થઇ હતી. શેર બજારમાં કમાલ લેવાના ઇરાદે સાથે તેમણે આંધળુકીયા લાખોનું રોકાણ કરી દીધુ હતું. પરંતુ પાછળથી નફાના નામે ઠગાઇનો ઠેંગો બતાવી ગઠીયા ઓનલાઇન ગાયબ થઇ ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં શેરબજારમાં ચા નફાની લાલચ આપીને નિવૃત્ત બેંક મેનેજર સાથે એક શખ્સે ૩૭.૮૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી લીધી હતી. રોકાણ માટે અપાયેલા કુલ ૪૬,૦૫,૦૦૦ રૂપિયામાંથી માત્ર ૮,૨૫,૦૦૦ રૂપિયા જ પરત આપીને બાકીની રકમના ચેક આપ્યો હતો. ચેક રિટર્ન થતાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચાંદખેડા વિસ્તારમાં ૬૩ વર્ષિય હસમુખભાઈ પરમાર બેંકમાંથી મેનેજર તરીકે નિવૃત થયા છે. તેમના પરિચિત દ્વારા શેરબજારનું કામ કરતા સતીષ શાહનો સંપર્ક થયો હતો.

સતિષે શેરબજારમાં રોકાણ પર ચા નફાની લાલચ આપતા હસમુખભાઈએ શરૂઆતમાં ૧૫૫૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેના પર તેમને સોળ દિવસ બાદ નફા સાથે ૧૭૫૦૦૦ રૂપિયા પાછા મળ્યા હતા. આમ ટુંકા ગાળામાં મોટો નફો થઇ જતાં વિશ્વાસ બેસતા હસમુખભાઈએ અલગ અલગ સમયગાળા દરમિયાન ચેક, બેંક ટ્રાન્સફર, આરટીજીએસ, એનઇએફટી અને યુપીઆઇ જેવા વિવિધ માધ્યમો દ્વારા સતીષભાઈને શેરબજારમાં વધુ રોકાણ કરવા માટે ટુકડે-ટુકડે કુલ ૪૬,૦૫,૦૦૦ રૂપિયા આપ્યા હતા. રોકાણ કરેલી કુલ રકમમાંથી સતીષે હસમુખભાઈ અને તેમના પત્નિના બેંક ખાતામાં અલગ અલગ સમયે માત્ર ૮,૨૫,૦૦૦ રૂપિયા જ પાછા આપ્યા હતા.



પરંતુ બાકીની રકમ અને નફો ચૂકવવા માટે સતીષે યુનિયન બેંકના અલગ-અલગ રકમના જે ચેકો આપ્યા હતા, તેમાંથી બેંકમાં ભરેલા ૫ ચેકો અપૂરતા બેલેન્સના કારણે રિટર્ન થયા હતા. જે પૈકી ૧૦,૦૦,૦૦૦ રૂપિયાના બે ચેક રિટર્ન થવા બાબતે હસમુખભાઈએ કોર્ટમાં કાર્યવાહી પણ કરી છે. સતીષે બાકી નીકળતી રકમ ૩૭,૮૦,૦૦૦ રૂપિયા કે તેનો નફો પરત ન કરી પોતાના અંગત ફાયદા માટે વાપરી નાખીને છેતરપિંડી કરતા હસમુખભાઈએ ફરિયાદ નોંધાવી હતી.

અન્ય એક ઠગાઇ જોઇએ તો સુરતના કતારગામ વિસ્તારમાં સંબંધી વચ્ચે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો હતો.. પોતાના ધંધા માટે સોનું ઉછીનું લઈ, દીકરીના લગ્નમાં મફતમાં દાગીના બનાવી આપવાની લાલચ આપી માસિયાઈ ભાઈએ જ ફરિયાદીનું ૧૫૯.૬૭૫ ગ્રામ સોનું પચાવી પાડ્યું હતું. કતારગામ સુમુલ ડેરી રોડ પર આવેલી શ્રીનિકેતન સોસાયટીમાં રહેતા બાંસઠ વર્ષીય પાલિકાના કોન્ટ્રાક્ટર જયસુખભાઈ સવજીભાઈ કોટડીયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમના માસીના દીકરા ગોરધનભાઈ નાથાભાઈ સંઘાણી ભાગળ વિસ્તારમાં સોનાની ઝવેરી કામનું જોબવર્ક કરે છે.

ગોરધનભાઈએ જયસુખભાઈને જણાવ્યું હતું કે પોતાના ધંધાને આગળ વધારવા માટે થોડા સમય સોનાની જરૂર છે. સામે જયસુખભાઈએ પોતાની દીકરીના કરિયાવર માટે સોનું રાખ્યું હોવાનું જણાવતાં આરોપીએ લાલચ આપી હતી કે લગ્ન સમયે તે કોઈપણ મજૂરી લીધા વગર દાગીના બનાવી આપશે અથવા લગડી પરત કરી દેશે. આરોપીની વાતોમાં આવી જયસુખભાઈએ જુદા જુદા સમયે ખરીદેલી ૨૪ કેરેટ અને ૨૨ કેરેટની કુલ ૨૦૯.૯૫૫ ગ્રામ સોનાની લગડીઓ તેમજ મંગળસૂત્ર કિંમત રૂ. ૫,૯૦,૩૩૦ ગોરધનભાઈને આપ્યા હતા.

ત્યારબાદ થોડા મહિના પછી ઉધરાણી કરતાં આરોપીએ ૨૪ કેરેટની ૫૦.૨૮૦ ગ્રામની એક લગડી પરત કરી હતી. જોકે બાકી રહેલું ૧૫૯.૬૭૫ ગ્રામ સોનું ખરીદ કિંમત રૂ. ૪,૪૯,૫૧૩ પરત આપવામાં ગોરધનભાઈ વારંવાર વાયદા કરતો રહ્યો હતો અને છેલ્લે ફોન ઉપાડવાનો પણ બંધ કરી દીધો હતો. લાંબા સમય સુધી વાયદાઓ મળ્યા બાદ છેતરાયાનો અહેસાસ થતાં જયસુખભાઈ કોટડીયાએ આખરે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી ગોરધનભાઈ નાથાભાઈ સંઘાણી સામે વિશ્વાસઘાતનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી હતી.

જળાશયોમાં પાણીની વર્તમાન સ્થિતિના આવેલા આંકડાઓ એક અત્યંત વિસંગત અને ચિંતાજનક

સૌરાષ્ટ્રમાં જળ-સંકટ : મોરબીમાં રાહત

રાજકોટ સિંચાઈ વર્તુળ હેઠળના ડેમોમાં માત્ર ૩૫.૭૬% પાણી: આજી-૨ ઓવરફ્લો થયો પણ આજી-૩ અને ભાદર તરસ્યા, દ્વારકામાં માત્ર ૧.૪૪% સ્ટોક બાકી



રાજકોટ, તા. ૩૦

સૌરાષ્ટ્રભરના જળાશયોમાં પાણીની વર્તમાન સ્થિતિને લઈને સિંચાઈ વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડાઓ એક અત્યંત વિસંગત અને ચિંતાજનક ચિત્ર રજૂ કરી રહ્યા છે. રાજકોટ સિંચાઈ વર્તુળ પૂર એકમ દ્વારા ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ જારી કરવામાં આવેલા અધિકૃત પત્રક મુજબ, સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં આવેલા જળાશયોમાં જળસંગ્રહની સ્થિતિમાં જમીન-આસમાનનો ફરક જોવા મળી રહ્યો છે. એક તરફ મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના ડેમોમાં સંતોષકારક જળજથ્થો ઉપલબ્ધ છે, તો બીજી તરફ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લાના જળાશયો તળિયાઝાટક થઈ ગયા છે, જે આગામી દિવસોમાં ગંભીર જળસંકટ તરફ ઈશારો કરે છે.

રાજકોટ જિલ્લાની વાત કરીએ તો, જિલ્લાના હસ્તકના તમામ જળાશયોમાં કુલ જીવંત જળજથ્થો સરેરાશ ૩૫.૭૬ ટકા જ નોંધાયો છે. જોકે, જિલ્લાના કેટલાક ચોક્કસ ડેમોએ રાહત પણ આપી છે. રાજકોટનો આજી-૨ ડેમ ૧૦૦ ટકા ભરાઈને સંપૂર્ણપણે છલોછલ થઈ ગયો છે, જ્યાં ૩૦.૧૦ ફૂટની કુલ સપાટી સામે ૩૦.૧૦ ફૂટ પૂરેપૂરું પાણી ઉપલબ્ધ છે. આ ઉપરાંત લાલપરી ડેમ ૯૯.૦૫ ટકા (૧૪.૯૦ ફૂટ) અને ન્યારી-૨ ડેમ ૮૮.૮૮ ટકા (૧૯.૫૦ ફૂટ) ભરાયેલા છે. પરંતુ બીજી બાજુ, રાજકોટની પ્રજાની મુખ્ય જીવાદોરી ગણાતો ભાદર-૧ ડેમ માત્ર ૧૭.૦૫ ટકા જ ભરાયેલો છે, જેની સપાટી ૩૪ ફૂટ સામે માત્ર ૧૫.૭૦ ફૂટ જ નોંધાઈ છે. આ જ રીતે આજી-૧ ડેમમાં પણ પાણી ઘટીને ૪૬.૪૯ ટકા (૨૦.૨૦ ફૂટ) પર આવી ગયો છે, જે તંત્ર અને નાગરિકો માટે ચિંતાનો વિષય બન્યો છે.

પ્રાદેશિક ધોરણે સરખામણી કરીએ તો મોરબી જિલ્લો સૌથી સારી સ્થિતિમાં છે, જ્યાં સરેરાશ ૬૭.૬૬ ટકા જળસંગ્રહ છે. મોરબીમાં મચ્છુ-૩ ડેમ ૧૦૦ ટકા, મચ્છુ-૨ ડેમ ૯૨.૨૬ ટકા અને બ્રાહ્મણી ડેમ ૯૦.૧૯ ટકા ભરાયેલા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ સરેરાશ ૬૦.૭૨ ટકા પાણી ઉપલબ્ધ છે, જેમાં વઢવાણ ભોગાવો-૨ (ધોળીધજા) ૮૨.૦૪ ટકા અને વાસલ ડેમ ૮૭.૦૯ ટકા સભર છે. પરંતુ આનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવર્તે છે. જામનગર જિલ્લાના ૨૧ જળાશયોમાં સરેરાશ માત્ર ૮.૦૯ ટકા જ પાણી બચ્યું છે, જેમાં કુલઝર-૨, વાડીસંગ અને રૂપાવટી ડેમ સંપૂર્ણપણે ડ્રાય (કોરા) થઈ ગયા છે. સૌથી ભયજનક સ્થિતિ દેવભૂમિ દ્વારકા જિલ્લાની છે, જ્યાં હસ્તકના ૧૨ જળાશયોમાં માત્ર ૧.૪૪ ટકા જ જીવંત જથ્થો શિલક રહ્યો છે. દ્વારકાનો સાની, સીધણી અને સોરઠી સહિતના મહત્વના ડેમો તળિયાઝાટક થઈ જતાં આગામી દિવસોમાં પીવાના પાણી માટે ભારે હાલાકી વેઠવી પડે તેવી પ્રબળ શક્યતા છે.

સિંચાઈ વિભાગના આંકડાઓ દર્શાવે છે કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ શૂન્ય મિલીમીટર નોંધાયું છે. કેચમેન્ટ વિસ્તારોમાં વરસાદ વિરમતાં જળાશયોમાં ઉપરવાસથી નવા નીરની આવક સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં જે જિલ્લાઓમાં પાણીનું સ્તર અત્યંત નીચું ગયું છે ત્યાં આગામી ઉનાળાને ધ્યાનમાં રાખીને અત્યારથી જ પાણીના વિવેકપૂર્ણ આયોજન અને નિયંત્રણો માટે કડક પગલાં લેવા તે સમયની માંગ બની રહી છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૧૧ સ્થળોએ મેગા સર્ચ ઓપરેશન

EDનો મની લોન્ડરિંગ સિન્ડિકેટ પર ડિજિટલ પ્રહાર

ગઈઈના કેસથી શરૂ થયેલો તપાસનો દોર, ડિજિટલ પુરાવા અને નાણાકીય હિસાબોનો ડબ્બો ગુમ!



રાજકોટ, તા. ૩૦

આંતરરાષ્ટ્રીય ડ્રગ્સના કાળા કારોબાર અને મની લોન્ડરિંગના વિશાળ નેટવર્ક સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ અત્યાર સુધીની સૌથી મોટી અને નિર્ણાયક કાર્યવાહી હાથ ધરી છે. ૨૮ ઓક્ટોબરે EDની ટીમોએ એકસાથે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૧૧ સ્થળોએ દરોડા પાડીને ડ્રગ માફિયાઓના આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટના પાયા હલાવી દીધા છે. આ મેગા સર્ચ ઓપરેશન મુંબઈ, નવી મુંબઈ, સુરત અને ભાવનગરમાં એકસાથે હાથ ધરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યવાહીનો મુખ્ય ટાર્ગેટ કુખ્યાત ડ્રગ માફિયા નવીન ચીચકર અને ધીરજ ચીચકર દ્વારા ચલાવવામાં આવતું સંગઠિત સિન્ડિકેટ હતું, જે ભારતમાં ડ્રગ્સ ઘૂસાડીને તેમાંથી કરોડો રૂપિયાનું કાળું નાણું ઊભું કરતું હતું.

આ સઘન તપાશ કાર્યવાહી અગાઉ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા નોંધવામાં આવેલી પ્રાથમિક ફરિયાદના આધારે શરૂ કરવામાં આવી છે. અગાઉ NCBએ વિદેશથી ભારતમાં સ્મગલિંગ કરીને મંગાવવામાં આવેલ અત્યંત મોંઘા હાઈ-ગ્રેડ હાઈડ્રોપોનિક ગાંજો, કોકેઈન, એલએસડી તેમજ મોટી માત્રામાં રોકડ રકમ જપ્ત કરી હતી. આ કેસની આગળની તપાસ હાથ ધરતા EDએ ડ્રગ્સના આ કાળા કારોબારમાંથી ઊભી કરાયેલી ગુનાહિત આવક ક્યાં રોકાઈ રહી છે અને કઈ રીતે સિન્ડિકેટ સુધી પહોંચે છે તેને ટ્રેક કરવા માટે આ દરોડાનું આયોજન કર્યું હતું.

દરોડા દરમિયાન EDની ટીમોને અનેક ચોંકાવનારા અને વાંધાજનક દસ્તાવેજો તેમજ ડિજિટલ પુરાવાઓ હાથ લાગ્યા છે. તપાસકર્તાઓએ ઘટનાસ્થળેથી હાઈ-એન્ડ સ્માર્ટફોન્સ, લેપટોપ્સ, ડેટા સ્ટોરેજ ડિવાઈસ, નાણાકીય હિસાબોની ડાયરીઓ અને અલગ-અલગ બેનામી જગ્યાઓ પર કરાયેલા મોટા રોકાણના દસ્તાવેજો જપ્ત કર્યા છે. આ સાધનોના ફોરેન્સિક એનાલિસિસથી ડ્રગ નેટવર્કના મુખ્ય સૂત્રધારો અને તેમના એજન્ટો વચ્ચેના છૂપા સંવાદો તથા નાણાકીય ટ્રાન્ઝેક્શન્સના મહત્ત્વના પુરાવાઓ મળવાની પૂરેપૂરી શક્યતા છે.

તપાસ દરમિયાન સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે આ સિન્ડિકેટ પરંપરાગત રીતોના બદલે કાળા નાણાંની ગોઠવણ માટે હવાલા નેટવર્ક અને ક્રિપ્ટોકરન્સીનો વ્યાપક ઉપયોગ કરતી હતી. ડ્રગ્સના વેચાણમાંથી ભારતમાં જે અબજો રૂપિયાની રોકડ રકમ એકઠી થતી હતી, તેને હવાલા નેટવર્ક મારફતે યુએસ ડોલર અને થાઈ ભાટ જેવી વિદેશી કરન્સીમાં કન્વર્ટ કરવામાં આવતી હતી. ત્યારબાદ આ રકમ વિદેશમાં બેઠેલા સિન્ડિકેટના મુખ્ય આકાઓ સુધી પહોંચાડાતી હતી અને ત્યાં તેને કાયદેસરના બિઝનેસમાં રોકીને મની લોન્ડરિંગ કરવાનો એટલે કે કાળા નાણાંને ધોળા કરવાનો ખતરનાક ખેલ ખેલાતો હતો.

આ ઉપરાંત, EDના હાથમાં ભારત બહારથી ઓપરેટ થતા કેટલાક શંકાસ્પદ ''ક્રિપ્ટો ટ્રેડર્સ''ના વોલેટ્સ અને એસેટ્સની વિગતો પણ આવી ગઈ છે. આ બાબત સ્પષ્ટપણે દર્શાવે છે કે ડ્રગ માફિયાઓ ફંડ ટ્રાન્સફર કરવા માટે હવે ક્રિપ્ટોકરન્સી જેવી આધુનિક અને છૂપી રીતોનો આશ્રય લઈ રહ્યા છે જેથી સરકારી તપાસ એજન્સીઓની નજરથી બચી શકાય. હાલમાં ED આ તમામ ક્રિપ્ટો વોલેટ્સ, ડિજિટલ ટ્રાન્ઝેક્શન્સ અને હવાલા ઓપરેટર્સના નેટવર્કની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે, જેથી આ આંતરરાષ્ટ્રીય સિન્ડિકેટના મૂળ સુધી પહોંચીને સમગ્ર કાળા સામ્રાજ્યનો સંપૂર્ણ પર્દાફાશ કરી શકાય.

કિસાન સન્માન નિધિના ૩૯ કરોડ ખાતામાં જમા!

જિલ્લાના ૧.૯૫ લાખ ખેડૂતો માટે ખુશીના સમાચાર : બેડી

એ.પી.એમ.સી. સહિત જિલ્લાભરમાં ૭૩ સ્થળોએ ભવ્ય ઉજવણી





રાજકોટ, તા. ૩૦

રાજકોટ જિલ્લામાં આજે 'પી.એમ. કિસાન ઉત્સવ' દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે કરવામાં આવી હતી. આ અવસરે જિલ્લાના ૧.૯૫ લાખ ખેડૂતોના બેન્ક ખાતામાં પી.એમ. કિસાન સન્માન નિધિના ૨૪મા હપ્તા પેટે રૂ. ૩૯ કરોડ જેવી માતબર રકમ સીધી જમા થઈ હતી. આ આર્થિક સહાય મળવાથી ખેડૂતોને જાણે દિવાળી ટાણે જ આગોતરી દિવાળી આવી ગઈ હોય તેવો દિવ્ય અને આનંદી અહેસાસ થયો હતો.

આ પ્રસંગે પી.એમ. કિસાન સન્માન દિવસનો જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળીયાની અધ્યક્ષતામાં બેડી એ.પી.એમ.સી. માર્કેટિંગ યાર્ડ ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. આ કાર્યક્રમ માત્ર મુખ્ય મથક પૂરતો સીમિત ન રહેતા જિલ્લા પંચાયતની દરેક બેઠક દીઠ બે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે સમગ્ર જિલ્લામાં કુલ ૭૩ સ્થળોએ આ ઉજવણી થઈ હતી. આ તમામ સ્થળોએ ખેડૂતો અને પશુપાલકો પોતાના પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને સમગ્ર વાતાવરણ અન્નદાતાઓના હર્ષોલ્લાસથી ગુંજી ઉઠ્યું હતું.

બનાસકાંઠાના ભીલડી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિશેષ અધ્યક્ષતામાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાના મુખ્ય કાર્યક્રમનું રાજકોટ જિલ્લાના આ તમામ ૭૩ સ્થળો પર વિશાળ સ્ક્રીન દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત રહેલા હજારો ખેડૂતો અને નાગરિકોએ આ રાષ્ટ્રીય કાર્યક્રમને વર્ચ્યુઅલી નિહાળીને વડાપ્રધાનના સંબોધનને સાંભળ્યું હતું અને યોજનાકીય માર્ગદર્શન મેળવ્યું હતું.

આ ભવ્ય આયોજનમાં સિનિયર કૃષિ વૈજ્ઞાનિક ડો. ડી.એસ. હીરપરાએ વિશેષ ઉપસ્થિત રહીને ખેડૂતોને આધુનિક અને ઉપયોગી ખેતી વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વર્તમાન સમયની માંગ મુજબ રાસાયણિક ખેતીથી દૂર રહીને 'પ્રાકૃતિક ખેતી' અપનાવવા માટે ખેડૂતોને ભારપૂર્વક આહવાન કર્યું હતું, જેથી જમીનની ફળદ્રુપતા અને લોકોનું સ્વાસ્થ્ય બંને સુરક્ષિત રહી શકે.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દેશના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થી બનેલા ખેડૂતોને મહાનુભાવોના હસ્તે સહાય અને મંજૂર પત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમમાં ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, બેડી એ.પી.એમ.સી.ના જયેશ બોઘરા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહી ખેડૂતોના ઉત્સાહમાં સહભાગી બન્યા હતા.

રાજકોટમાં બાંધકામ ક્ષેત્રે ફેરફારો અનિવાર્ય

પેઈડ એફએસઆઈની પ્રક્રિયામાં અવ્યવહારિકતા-સમયમર્યાદાનો મુદ્દો વિકરાળ: મહાનગરપાલિકામાં ગરમાવો



રાજકોટ, તા. ૩૦

રાજકોટના વિકાસ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણમાં પાયાની ભૂમિકા ભજવતા બિલ્ડરો, ડેવલપર્સ, કોન્ટ્રાક્ટરો તથા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કંપનીઓ સામે હાલ અનેકવિધ વ્યવહારિક અડચણો અને અતાર્કિક કર ભારણો ઊભા થયા છે, જેના કારણે બાંધકામ ક્ષેત્રની ગતિ મંથર બની રહી છે. આ ગંભીર મુદ્દે રાજકોટ બિલ્ડર્સ એસોસિએશને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના ઉચ્ચ પદાધિકારીઓ સમક્ષ સત્તાવાર રજૂઆત કરીને આ તમામ વર્ષોથી પડતર પ્રશ્નોના કાયમી ઉકેલ માટે તાત્કાલિક દરખાસ્ત તૈયાર કરી રાજ્ય સરકારમાં મોકલવામાં આવે તેવી પ્રબળ માંગ કરી છે.

બાંધકામ જીડીસીઆર (ઋઉઈછ) ના નિયમો અનુસાર હાલ ૧.૮ એફએસઆઈ વિનામૂલ્યે મળે છે અને ત્યારબાદની એફએસઆઈ જંત્રી દરના આધારે ઉપલબ્ધ થાય છે. વાસ્તવિકતા એ છે કે કોઈપણ બાંધકામનો આરંભ થયા પછીના પ્રારંભિક બે વર્ષ સુધી બિલ્ડરો માત્ર ૧.૮ એફએસઆઈના પરિક્ષેત્રને જ કવર કરતા હોય છે. તેનાથી આગળની એફએસઆઈમાં તેઓ સામાન્ય રીતે ત્રીજા વર્ષે પ્રવેશે છે અથવા જો તંત્ર દ્વારા વ્યવહારિક સર્વેક્ષણ કરાવવામાં આવે તો પણ સ્પષ્ટ થાય છે કે પેઈડ એફએસઆઈ બહુ જ એડવાન્સમાં અને સીધી પ્રોજેક્ટની મંજૂરી સાથે જ વસૂલી લેવામાં આવે છે, જે બિલ્ડરો માટે મોટો આર્થિક અન્યાય છે. આ પ્રક્રિયામાં સમયમર્યાદા અને વાસ્તવિક જરૂરિયાતને ધ્યાને રાખીને સુધારો કરવો અત્યંત જરૂરી છે.

આ ઉપરાંત, પ્રોજેક્ટની શરૂઆતમાં જ પ્લાન મંજૂરી સાથે કેન્દ્ર સરકારના લેબર સેસની રકમ એડવાન્સમાં ઉઘરાવવામાં આવે છે, જે પ્રારંભિક તબક્કે મર્યાદિત આર્થિક સંસાધનો ધરાવતા બિલ્ડરો માટે આઘાતજનક સાબિત થાય છે. આ સેસની રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી ભલે મનપા દ્વારા બીયુ (ઇઝ) પરમિશન ન આપવામાં આવે, પરંતુ શરૂઆતમાં જ આ આર્થિક બોજ લાદવાના બદલે કમ્પ્લીશન સમયે તે ભરપાઈ કરી શકાય તેવો યોગ્ય ફેરફાર કરી આપવો જોઈએ અથવા જો તેમાં મુશ્કેલી હોય તો બિલ્ડરોને સરળ હપ્તાઓની સગવડ કરી આપવી અનિવાર્ય છે.

શહેરના વિકાસમાં ફાયર સેફ્ટીના સરકારના નવા અને આધુનિક નિયમોની અમલવારી માટે બિલ્ડિંગોમાં સ્પ્રિંકલર સિસ્ટમ, એસી પાઈપ ફિટિંગ અને અન્ય ટેકનિકલ નેટવર્કિંગ કરવું અનિવાર્ય બન્યું છે. આ તમામ આધુનિક સુવિધાઓ ગોઠવવા માટે હાલની ૩.૨૫ મીટરની હાઈટ અપૂરતી સાબિત થઈ રહી છે. આ ટેકનિકલ જરૂરિયાતને પહોંચી વળવા માટે હાઈટ કંટ્રોલ ડિપોઝિટના નિયમોમાં ફેરફાર કરી હાઈટની મર્યાદા વધારીને ૪ મીટર સુધી ફી આપવા અને તેને કરપાત્ર મર્યાદામાંથી રાહત આપવા વ્યવહારિક દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. પ્રત્યક્ષ સ્થિતિની ખાતરી કરવા માટે પણ તંત્ર દ્વારા સર્વે કરાવી શકાય તેમ છે.

રાજ્યમાં રેરા (છઊછઅ) કાયદાનો વ્યાપક અમલ ન હતો તે સમયથી કોર્પોરેશન દ્વારા પાર્કિંગ ડિપોઝિટનો અલગ અધિનિયમ લાગુ કરવામાં આવ્યો હતો. હવે જ્યારે સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક રીતે છઊછઅ લાગુ થઈ ચૂક્યો છે અને રાજકોટના તમામ બિલ્ડરો તેનું સંપૂર્ણ પાલન પણ કરી રહ્યા છે, ત્યારે અલગથી પાર્કિંગ ડિપોઝિટ વસૂલવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. આ બેવડી પદ્ધતિને કારણે બિલ્ડરો પર અનાવશ્યક આર્થિક ભારણ વધી રહ્યું છે, જેને ત્વરિત ધોરણે દૂર કરવું જોઈએ.

વધુમાં, બાંધકામ માટેના પ્લાન રજૂ થયા પછી બિલ્ડરોને પોતાની ફાઈલની પ્રગતિ પારદર્શક રીતે જાણવા મળે તે માટે કચેરીઓમાં 'ફાઈલ મૂવમેન્ટ રજિસ્ટર' દાખલ કરવાની તાતી જરૂર છે. આ રજિસ્ટરની વિગતો વખતોવખત ઓનલાઈન અપડેટ કરવાની પ્રથા શરૂ કરવાથી ભ્રષ્ટાચાર અને બિનજરૂરી વિલંબને અંકુશમાં લઈ શકાશે. રાજકોટ બિલ્ડર્સ એસોસિએશને રજૂઆત કરી છે કે મહાનગરપાલિકા આ તમામ મુદ્દાઓની ગંભીર નોંધ લઈને તાત્કાલિક ધોરણે સકારાત્મક દરખાસ્ત તૈયાર કરે અને રાજ્ય સરકારને મોકલે જેથી રાજકોટના બાંધકામ ક્ષેત્રને રાહત મળી શકે.

